Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૪૯ • તા. ૦૪ ડિસેમ્બર ૨૦૧૭ થી ૧૦ ડિસેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

## SHREE K.D.O. STUDENTS ASSOCIATION

# TRADE & FUN FAIR

**Trade & Fun Fair** orgainzed by Shree KDO Students Association was a huge success with **65+ Stalls** of our community. The foot fall of the event was more than **6000** making a historical event in the whole community.



Ribbion Cutting Ceremony



Tribute to 26/11 Martyrs



Lighting of the Lamp



Felicitation of Chief Guest
Shri Nishith Dand



President with our Special Guest
Shri Manikant Dhulla



Felicitation of Guest of Honour
Shri Dharmesh Jain




K.D.O. Photobooth



Trade Fair



Team Behind the Huge Success

SHREEKDOVS@GMAIL.COM | / SHREEKDOVS


Fun Park


Foam Swimming Pool


Aeroplane Ride


Rodeo Bull Ride


Cartoon Characters


Juggler & Stick Man


Newly launched - K.D.O. Band


President - Tejas Mahendra Khona



Trade Fair


Trade Fair


26/11 - Tribute Act by Students


Dance Performance by Students


Kids Zone



People attending the Fair


Vidhyarthi Sangh Team

SHREEKDOVS@GMAIL.COM
/ SHREEKDOVS

FOR MORE DETAILS READ PAGE NO: 10

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ, મુંબઈ દ્વારા આયોજીત ''ટ્રેડ ફેર અને ફન ફેર''

રવિવાર તા. ૨૬-૧૧-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી નિર્મલ લાઈફ સ્ટાઇલ - મુલુંડ ખાતે મુખ્ય દાતા શ્રી ધર્મેશભાઈ જૈન (નિર્મલ લાઈફ સ્ટાઇલના માલીક)ના સહકારથી વિદ્યાર્થી સંઘ દ્વારા ટ્રેડ ફેર અને ફન ફેરનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત શ્રી મયુર મણીકાંત ધુલ્લા દ્વારા રીબીન કાપીને કરવામાં આવેલ. ''ગેમ ઝોન''નું ઓપનીંગ અરીહંત બેંકના વાઈસ ચેરમેન શ્રી મુકેશભાઈ દામજી મૈશેરી દ્વારા કરવામાં આવેલ. દિપ પ્રાગટ્ય શેઠશ્રી મણીકાંત ધુલ્લા - શ્રી મયુર ધુલ્લા, શ્રી હંસકુમાર મૈશેરી, પ્રમુખશ્રી તેજસ મહેન્દ્ર ખોના, ઉપપ્રમુખ શ્રી ઉર્વેશ ભરત છેડા, માનદ્‌મંત્રી શ્રી હેનીલ જયેશ દંડ, કોષાધ્યક્ષ શ્રી અર્પણ ફાલ્ગુન ખોના દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન ભૂમિત લોડાયા દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત ગીત ડાન્સ વિદ્યાર્થી સંઘના સંપર્ક સભ્યો દ્વારા કરવામાં આવેલ. જ્ઞાતિજનો દ્વારા કપડાં, ખાદી, ભરતકામ, અરિહંત બેંક, આઈ.ટી. સોલ્યુશન, જ્વેલરી, કોસ્મેટીક્સ, કેકસ એન્ડ જ્યુસ ડેઝર્ટ - ક.દ.ઓ. વસ્તીપત્રક સમિતિ, નેઇલ આર્ટ તથા ખાવા પીવાની ચીજોના ૭૦ થી વધુ સ્ટોલ રાખવામાં આવેલ.

ફન ફેરમાં ફન પાર્ક, બુલ રાઈડ, ફોમ ફન, ટોય ટ્રેન, બન્જી ટ્રેમ્પોલીન, હેમર ગેમ, એઇર હોકી, ફુસ બોલ, મેરી ગો રાઉન્ડ ઉપરાંત નાના છોકરાઓ ને આકર્ષિત કરતું ''કીડ્સ ઝોન'' તથા અન્ય જ્ઞાતિજનો માટે લાઈવ મ્યુઝીક પરફોર્મન્સ, સ્ટેન્ડ અપ કોમેડી-ડાન્સ પરફોર્મન્સ, કે.ડી.ઓ. બેન્ડ આદી રાખવામાં આવેલ.

બીજા ભાગમાં કાર્યક્રમની શરૂઆત ૨૬-૧૧ ના અમર જવાનોને સલામી આપીને કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમના મુખ્ય દાતા શ્રી ધર્મેશભાઈ જૈન, અતિથિવિશેષ નિશિથભાઈ દંડ, બે સિનિયર ઇન્સપેક્ટર, બે સિનિયર કોન્સ્ટેબલ, સ્પેશીયલ ગેસ્ટ હુંસકુમાર ખીમજી તથા અન્ય મહાનુભાવોએ મીણબત્તી પ્રગટાવી ને પુષ્પ ચક્ર અર્પણ કર્યા હતા. ૨૬-૧૧ની ઘટનાનું વર્ણન એક નાનકડી નાટીકા દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં શ્રી ધર્મેશ જૈન , શ્રી મણીકાંત ધુલ્લા, શ્રી નિશિથ દંડ, શ્રી હંસકુમાર ખીમજી, મુંબઈ મહાજનના પ્રમુખ્યશ્રી કલ્પેશભાઈ મોતાનું સન્માન કરવામાં આવેલ.

શ્રીમતિ તેજલ રાજેશ લોડાયા (દોસ્તી ગ્રુપ)એ કે.ડી.ઓ. બેન્ડના શુભારંભને બિરાદાવીને તેમને પ્રોત્સાહન ઇનામ આપેલ. કાર્યક્રમનું સમાપન ગરબા રમાડીને કરવામાં આવ્યું હતું. લગભગ ૬૦૦૦ થી વધારે વ્યક્તિઓએ આ કાર્યક્રમ માણ્યા હતો, જે પોતેજ વિદ્યાર્થી સંઘના ઇતિહાસમાં ઐતિહાસિક રેકોર્ડ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા તેજસ ખોના, ઉર્વેશ છેડા, હેમીલ દંડ, અર્પણ ખોના, મીતલ ધરમશી, અંકીત લોડાયા, એકતા લોડાયા, દેવાંગ નાગડા, ઋષભ મોતા, લબ્ધી લોડાયા, નીરવ મોતા, ઋષભ પોલડીયા, હર્ષીત દંડ, એકતા બી. લોડાયા, વીપુલ સોની, ઉષ્મા ડાઘા, વીધી છેડા, ધનીષ્ટા ધરમશી, ભવ્ય દંડ, પરીન મોતા, રાજ જીવાની, જય ધરમશી, હર્ષીતા પોલડીયા, વીરલ મોતા, પ્રીયાંક ડાઘા, પ્રીંસ ધરમશી, કોમલ ધરમશી, સીધ્ધી લોડાયા, નીષીતા દંડ, ડીમ્પલ લોડાયા, દીવેશ લોડાયા, મીતલ લોડાયા, અશ્વીન લોડાયા, સૌરભ મોતા, સ્મીત લોડાયા, સાક્ષી મોતા, ઇશીતા છેડા યોગદાન આપ્યું હતું.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ, મુંબઈ દ્વારા બાલદિવસ

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ - મુંબઈ એ બાલદિવસ પ્રસંગે રવિવાર, તા. ૧૨-૧૧-૨૦૧૭ના ૨૨ પ્રસંગોનું આયોજન કરેલ.

જેમાં પ્રથમ કાર્યક્રમમાં કાંજુરમાર્ગ ખાતે 'વાત્સલ્ય ટ્રસ્ટ'' ના અનાથ આશ્રમમાં બાળકો પાસે જઈ તેમને વિવિધ ગેમો સાથે અંતાક્ષરી રમાડેલ. કેક કાપીને બાળદીનની ઉજવણી કરીને ભેટ સોગાદો પણ આપેલ. લગભગ બે કલાક જેટલો સમય એમની સાથે વિતાવીને ખૂબ જ મનોરંજન કરાવેલ.

સાંજના ભાગમાં આપણી જ્ઞાતિના ૧૨ થી ૧૮ વર્ષની ઉમરના ૧૦૦ થી વધારે બાળકો સાથે.. ગેટ વે ઑફ ઇન્ડીયા ખાતે 'બોટ પાર્ટી'નું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત ૪ વાગે નવકાર મંત્ર થી કરવામાં આવેલ. વિવિધ ગેમો... ડી.જે. મ્યુઝીક, મેઝીક શો વગેરેનું આયોજન કરવામાં આવેલ. બધાને ફૂડ પેકેટ આપવામાં આવેલ. ગેમમાં જીતનાર બધાને ઇનામો આપવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ, મુંબઈ દ્વારા રવિવાર, તા. ૨૩-૭-૨૦૧૭ ના સાંજના ૭ વાગે ફાઈન આર્ટસ - ચેંબુર ખાતે ''વહુ હાઈ ફાઈ - સાસુ વાઈ ફાઈ'' નાટકનું આયોજન કરવામાં આવેલ.

પ્રમુખશ્રી તેજસ ખોનાએ સૌને આવકાર આપેલ. કાર્યક્રમની શરૂઆત નાટકના દાતાશ્રી **"H D FIRES PROTECT PVT. LTD."** અતિથિ વિશેષ : કુસુમબેન હરીશ ધરમશી, મુખ્ય અતિથિ : યોગિની બેન મૈશેરી, શ્રી ભૂપેન્દ્રભાઈ દંડ, પ્રમુખશ્રી તેજશ મહેન્દ્ર ખોના અને માનદ્‌મંત્રી હેમીલ જયેશ દંડ દ્વારા દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવેલ. નાટકના મુખ્ય દાતાશ્રી **"H D FIRES PROTECT PVT. LTD."** મુખ્ય અતિથિ, અતિથિ વિશેષ શ્રી ભૂપેન્દ્રભાઈ દંડ, તરૂણ રતનશી લોડાયા વતી શ્રીમતી સુપ્રિયા લોડાયા, કે.ડી.ઓ. ક્લાસિક યુથ ફોરમના પ્રમુખ શ્રીમતી વિરાજ મયુર ધુલ્લા, મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતાનું બહુમાન કરવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન નીરવ મોતા તથા કુ. મીતલ ધરમશી એ કરેલ.

પ્રમુખશ્રી તેજસ ખોનાએ પોતાના વક્તવ્યમાં ખુશી સાથે જણાવેલ કે વિદ્યાર્થી સંઘના ૧૬૦૦ વાર્ષિક મેમ્બર બનેલ છે. તથા પોતાની ટીમના દરેક સભ્યો ના અવિરત સાથ સહકાર માટે એમનો આભાર માનેલ.

આ નાટકના સારાંશમાં એવું પ્રતિત થયેલ કે....

૧) હર ઘરમાં માર્ગદર્શન માટે વડીલોનું હોવું બહુ જરૂરી છે.

૨) આપણી આવક અનુસાર આપણે ખર્ચ કરવું જરૂરી છે.

૩) અચાનક આવી પડે એવી વિકટ પરિસ્થિતિ માટે આપણી પાસે ''બચત'' હોવી જરૂરી છે.

૪) પરિવારના દરેક સભ્યોને સંપથી પરિવારની દરેક બાબતમાં સહભાગી થવું જરૂરી છે.

૫) આપણાં બજેટ અનુસાર જ મુખ્ય જરૂરીયાતો પૂરી કરવી જરૂરી છે.

નાટકના અંતમાં માનદ્‌મંત્રી શ્રી હેમીલ દંડે આભાર વિધિ કરેલ. અંદાજે ૧૩૦૦ જેવી સંખ્યામાં જ્ઞાતિજનો એ નાટક નિહાળેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા તેજસ ખોના, ઉર્વેશ છેડા, હેમીલ દંડ, અર્પણ ખોના, શુભમ્ લાપસીયા, મિતલ ધરમશી, અંકિત લોડાયા, એકતા યુ. લોડાયા, દેવાંગ નાગડા, ઋષભ મોતા, જૈનિશ ધરમશી, લબ્ધી લોડાયા, નિરવ મોતા, ઋષભ પોલડીયા, હર્ષિત દંડ, એકતા બી. લોડાયા, લીનાબેન લોડાયા, વિપુલ સોની, ઉષ્મા ડાઘા, ઈશિતા છેડા, વિધિ છેડા, ધનિષ્ટા ધરમશી, ભવ્ય દંડ, પરિન મોતા, રાજ જીવાણી, જય ધરમશી, હર્ષિતા પોલડીયા, વીરલ મોતા, પ્રીયાંક ડાઘા, પ્રીન્સ ધરમશી, આરૂષી શિયાળ, સાક્ષી મોતા, કોમલ ધરમશી, સલોની ગોસર, અભય લાપસીયા, સિધ્ધિ લોડાયા, નિશિતા દંડ, પુજા લોડાયા, ડીમ્પલ લોડાયા, દિવેશ લોડાયા, મિતલ લોડાયા, અશ્વીન લોડાયા, નિતિ મૈશેરી, સૌરભ મોતા અને સ્મીત લોડાયા એ મહેનત કરેલ.

હસતા રમતા જીવનની એક ગંભીર બાબત પર પ્રકાશ પાડતા આ નાટક ને સૌએ ખૂબ બિરદાવ્યું હતું.

---

### અભિનંદન !

**ઍડ. કુ. પાયલ ભરતભાઈ ખોના,** નવી મુંબઈ
B.L.S., LL.B.



**કુ. પાયલ** એ. B.L.S., LL.B. ની પરીક્ષા પાસ કરી બાર કાઉન્સીલની સદસ્યતા મેળવી છે તે બદલ અભિનંદન.

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.


આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અલંકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ

આપને મળતા 'પ્રકાશ સમીક્ષા'ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

**તંત્રી સમીપે**

# યુગપુરુષ શેઠ શ્રી નરસી નાથાની ૧૭૫મી પુણ્યતિથિ નિમિત્તે જ્ઞાતિની સંસ્કારિતાને અજવાળીએ



આપણી જ્ઞાતિની મુંબઈની તવારીખના મહામાનવ શેઠ શ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથિ, આ ૧૧ ડિસેમ્બરના આવી રહી છે પરંતુ હજી સુધી (૧ લી ડિસેમ્બર) કોઈ પણ મહાજન, સંઘ કે સંસ્થાએ, આવા સામાન્ય રીતે પચ્ચીસેક વર્ષે એક વાર આવતા જ્ઞાતિ સંકલ્પને દોહરાવવાના મહત્વના દિવસે, પ્રસંગોચિત કાર્યક્રમનું આયોજન કર્યું હોય એવા કોઈ નિર્દેશ મળતા નથી તે હકીકત આપણા સમસ્ત મહાજન સહિતના સંબંધિત પદાધિકારીઓ દ્વારા આ પ્રાતઃ સ્મરણીય વિરલ વિભૂતિ માટે દાખવાયેલ અક્ષમ્ય ઉદાસીનતાને ખુલ્લી પાડે છે તેટલું જ નહીં પરંતુ તેમણે આ રીતે નિષ્ક્રિય રહીને પોતાની સામાજીક અપરિપક્વતાની સાબિતી આપી દીધી છે તેમ ઉમેરીએ તો તે પણ એક રીતે અલ્પોક્તિ ગણાશે.

આ સ્મૃતિદિવસ કે આદરાંજલિ દિવસના કાર્યક્રમનું આયોજન સર્વ સ્થાનિક મહાજનો અને ખાસ કરીને મુંબઈમાં તો મસ્જિદબંદર, ઘાટકોપર, મુલુંડ, ભાંડુપ, ડોંબીવલી જેવાં પરાંઓના સંઘો હજી પણ કરી શકે છે, જેથી સૌ આબાલવડિલો સમક્ષ, આ નરપુંગવે કઈ રીતે બે સદી પહેલાંના તીવ્ર અગવડ-હાડમારીના સમયે કચ્છમાં વસતા આપણા અનેકાનેક કુટુંબોનું એક પ્રકારે નેતૃત્વ કરીને તેમને માર્ગદર્શિત કર્યા અને તે રીતે ઘણાં જ્ઞાતિજનોમાં સાહસવૃત્તિનાં બીજ રોપાયાં અને તેઓ વેપાર-ધંધામાં સ્વતંત્ર રીતે યા અન્ય ક્ષમતામાં આખા દેશમાં વિવિધ સ્થળોએ વસવાટ કરીને સ્થિર થયા જેને કારણે જ્ઞાતિમાં આર્થિક સમૃદ્ધિ ઉત્તરોત્તર પેઢી દર પેઢી બળવત્તર થયેલી આજે ઠેરે ઠેર દૃષ્ટિગોચર થાય છે અને આમ લગભગ દરેકે દરેક કુટુંબ માટે આ વિનમ્ર જ્ઞાતિ સેવકે આપેલ અનન્ય યોગદાનની ગૌરવગાથાનું પુનર્સ્મરણ કરાય અને તેમને ઉચિત ઋણાંજલિ આપી શકાય.

આ કાર્યક્રમ તે દિવસે કે તેના આગલા રજાના  દિવસે પણ સવાર-બપોર-રાત્રે- કોઈ પણ  સમયે - એકાદ કલાકના આ શ્રેષ્ઠીવર્યના લાક્ષણિક સ્વભાવને સુસંગત સાદગીથી આયોજન કરવાનું, ખાસ કરીને આજના સંદેશ વ્યવહારના આધુનિક ઉપકરણોના માધ્યમે, હજી પણ શક્ય છે, જો સંબંધિત પદાધિકારીઓ જ્ઞાતિ એકતાના આ પરમ ઉપાસકને ઋણાંજલિ આપવા સંકલ્પનિષ્ઠ હોય તો.

આપણી જ્ઞાતિની અસ્મિતા અને સંસ્કારિતાને અજવાળવાના આ વિરલ અવસરે આપણે સામુહિક રીતે નહીં તો વ્યક્તિગત મનોભાવથી પ્રાર્થીને પણ જ્ઞાતિ ઐક્યના પ્રકાશથી ઝળહળાવશું ?

**- રા.**


**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 49/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય : બપોરે ૧ થી ૪ ફક્ત**
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## લગ્ન સંબંધી

મુંબઈ સ્થિત ૮૮ બોર્ન, 5'2, 66 Kg., MBA (ફાયનાન્સ) કુંવારી કન્યા ને મુંબઈના વેલસેટલ કુંવારા યુવક ના વડીલ સંપર્ક કરે.

**મનિષ સોનાવાલા - 9653199981**

**એલ. એલ. શાહ - 9821065709**




આપને ત્યાંના શુભ પ્રસંગોને શોભાવવા ઢોલ તથા શરણાઈના જાણીતા અને માનીતા હાલારી ઢોલી



**સલીમ ભાઈ ઢોલી**

મો.: 093247 96076

093211 31232




**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પરિવારોની માહિતીના કન્ફર્મેશન માટે વસતીપત્રક સમિતિનું નમ્ર નિવેદન

જ્ઞાતિનું વસતીપત્રક અપડેટ કરવા માટે પરિવારોની માહિતીના કન્ફર્મેશન માટે વોટ્સએપ તથા પ્રકાશ સમીક્ષાના માધ્યમથી અનેક પ્રયાસો થયા છે. તેમ છતાં તા. ૨૪-૧૧-૨૦૧૭ સુધી દરેક વિસ્તારોમાંથી નીચે પ્રમાણેના ચાર્ટ મુજબ ખૂબ જ ઓછી સંખ્યામાં કન્ફર્મેશન પ્રાપ્ત થયા છે. આ વાતની નોંધ લઈ જેમણે હજી કન્ફર્મેશન નથી કર્યું તેવા સૌ પરિવારો સત્વરે માહિતીનું કન્ફર્મેશન કરે એવી વિનમ્ર વિનંતી.

**કે.ડી.ઓ.વી.પી. વેરીફિકેશન રિપોર્ટ**

| રીઝન | નોટ વેરીફાઈડ | વેરીફાઈડ | ટોટલ | % બાકી |
|---|---|---|---|---|
| કચ્છ | ૩૯૭ | ૧૮૬ | ૫૮૩ | ૬૮.૧૦ |
| હાલાર | ૬૭ | ૨ | ૬૯ | ૯૭.૧૦ |
| ગુજરાત | ૫૪૦ | ૧૦૭ | ૬૪૭ | ૮૩.૪૬ |
| મુંબઈ | ૩૬૧૫ | ૬૯૯ | ૪૩૧૪ | ૮૩.૮૦ |
| મહારાષ્ટ્ર | ૭૪૫ | ૯૫ | ૮૪૦ | ૮૮.૬૯ |
| મધ્યપ્રદેશ | ૨૧૦ | ૨૦ | ૨૩૦ | ૯૧.૩૦ |
| છત્તીસગઢ | ૫૯ | ૧૦ | ૬૯ | ૮૫.૫૧ |
| ઉત્તર ભારત | ૫૧ | ૫ | ૫૬ | ૯૧.૦૭ |
| કર્નાટક | ૩૫૪ | ૫૯ | ૪૧૩ | ૮૫.૭૧ |
| ગોવા | ૧૨ | ૨ | ૧૪ | ૮૫.૭૧ |
| આંધ્રપ્રદેશ અને તેલંગણા | ૧૯૧ | ૧૮ | ૨૦૯ | ૯૧.૩૯ |
| તામિલનાડુ | ૧૦૧ | ૧૭ | ૧૧૮ | ૮૫.૫૯ |
| પોંડીચેરી | ૮ | ૧ | ૯ | ૮૮.૮૯ |
| કેરાલા | ૧૪૫ | ૩૪ | ૧૭૯ | ૮૧.૦૧ |
| યુએસએ અને કેનડા | ૨૧૯ | ૧ | ૨૨૦ | ૯૯.૫૫ |
| અન્ય દેશ | ૬૨ | - | ૬૨ | ૧૦૦.૦૦ |
| કુલ | ૬૭૭૬ | ૧૨૫૬ | ૮૦૩૨ | ૮૪.૩૬ |



**BEST WISHES**

**Darshan Vijay Dagha**
B.E. (Electrical), LLB, CS (Final)
Gangaben Devshi Shipping (Pvt) Ltd.
Varadia. **DOB : 30-06-1986**
For Joining **TATA CUMINS PHALTON** (PUNE)
As Senior Operations Analyst (Assistant G.M.)

*Contact For :*
**Clearing, Forwarding, Imports/exports, Sez Eou, Taxation, Legal Advisors, Experts In Electricals.**

**Mobile : 8238027539, 9773900239**
**CHA No. KDL/13/2015**
**LISENCED ELECTRICAL CONTRACTORS**

# જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા



કચ્છના અબડાસા વિસ્તારના નલીયા ગામે નાગડા ગોત્રમાં શ્રી નરશી નાથાનો જન્મ સને ૧૭૮૪માં થયો. નલીયાની 'સર' નામે ઓળખાતી જમીનોમાં તેઓશ્રીના પિતાશ્રી નાથા રખોપું કરતા. સને ૧૮૦૧માં દુષ્કાળ અને ધરતીકંપોના કારણે જખૌથી વહાણમાં બેસી પિતા અને પુત્ર બન્ને મુંબઈ આવ્યા.

વિકાસ પામતા મુંબઈ બંદરમાં તે સમયે પીવાના પાણીની કોઈ સુવિધા ન હતી તેમણે સ્વચ્છ પાણી પીવડાવવાનું શરૂ કર્યું. આ વ્યવસાયના કારણે ભાટીયા, પારસી, ખોજા, મેમણ, લુહાણા કોમો વ્યાપારીઓ સાથેનો પરિચય વધતો ગયો. તેઓ વ્યાપાર અંગેની ચાલતી વાતોથી માહિતગાર થવા લાગ્યા.

બ્રિટનમાં તે સમયે મુખ્ય ઉદ્યોગ સુતારાઉ કાપડનો હતો, જે માટે જરૂરી રૂ અમેરિકા પાસેથી આવતું. સ્વાતંત્ર્ય યુદ્ધ પછી બ્રિટનને અમેરિકી રૂ મળતું બંધ થયું. જો રૂ ન મળે તો બ્રિટનનું અર્થતંત્ર તૂટી પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થતાં અંગ્રેજોએ રૂની ખરીદી માટે ભારત તરફ નજર દોડાવી.

રૂ પકવતા વિસ્તારોમાંથી ખરીદ કરી, જીનીંગ અને પ્રેસીંગ કરી તૈયાર થયેલ માલને મુંબઈ બંદરે લાવવાનું કામ જટિલ હતું. ખાનદેશ વિસ્તારનું રૂ બળદગાડા દ્વારા લાવવામાં આવતું અને દક્ષિણ ભારતમાંથી રૂ વહાણોના રસ્તે મુંબઈ આવતું આ કામ માત્ર સાહસિકોને જ ફાવે તેવું હતું.

સ્થાનિક પ્રજા સાથે સંપર્કો કેળવી શકે એવા શ્રી નરશી નાથાની સાહસિક વૃત્તિને નસીબે સાથ આપ્યો. જોતજોતામાં તેઓશ્રીનો ધંધો જામી ગયો. રૂનાં ધંધામાં અગ્રગણ્ય વેપારી તરીકે ગણના થવા લાગી. અને તેઓ શેઠ તરીકે ઓળખાવા લાગ્યા. જેમ જેમ ધંધાનો વિકાસ થતો ગયો તેમ તેમ માણસોની જરૂર વધવા લાગી.

કચ્છ જતા વહાણોમાં શેઠશ્રી નરશી નાથા પોતાના જ્ઞાતિબંધુઓને મુંબઈ બોલાવવા આમંત્રણ આપતા ગયા અને પ્રગતિના સમાચાર સાંભળી દશા ઓશવાલ જ્ઞાતિભાઈઓ ગામે ગામથી મુંબઈ તરફ આવવા લાગ્યા. કચ્છથી આવનાર દશા ઓશવાલ જ્ઞાતિબંધુઓ માટે નરશી શેઠે ઉતારા તેમજ ખાવાપીવાની વ્યવસ્થા કરી. ભાષાનું જ્ઞાન તથા ગણિત શીખવવા માટેનું આયોજન કર્યું. જે જે વ્યક્તિ કેળવાતી જાય તેની આવડત પ્રમાણે તેને તેવું કામ આપતા ગયા. દશા ઓશવાલ જ્ઞાતિના ભાઈઓ રૂ પકવતા વિસ્તારોમાં છવાઈ ગયા.

સ્થળાંતર કરનાર પ્રજાને ખબર હોય છે કે તેમણે ફરજીયાત રીતે વધુ મહેનત કરવી પડશે. જે માણસો અરૂચિકર કામથી દૂર ભાગશે તેઓ જીવન સંઘર્ષમાં ટકી નહીં શકે. દશા ઓશવાલ જ્ઞાતિના સાહસિક વર્ગે દેશ દેશાવરમાં શાખ જમાવવા માંડી. પોતે સ્થિર થયા બાદ પોતાના કુટુંબના નજીકના સગાં, સંબંધીઓ અને મિત્ર મંડળીને બોલવવા લાગ્યા.

આવી પ્રજા પોતાના વારસોને પણ ગળથૂથીમાં પરિશ્રમ, સંપ, એકતા અને સહકાર આપવાનું વધુ ઈચ્છનીય ગણે છે. શેઠશ્રી નરશી નાથાએ જે જે જ્ઞાતિબંધુઓને જે જે વિસ્તારોમાં મોકલ્યા તેઓ બધા તે તે વિસ્તારોમાં સન્માન અને પ્રતિષ્ઠા મેળવી શક્યા.

શેઠશ્રી નરશી નાથાની કીર્તિ અને લક્ષ્મી દિવસે દિવસે વધતા ગયા. લક્ષ્મીની રેલમછેલ થઈ ગઇ. શેઠશ્રી નરશી આ સમયે પણ પોતાની માતૃભૂમિને ન ભૂલ્યા. તેઓશ્રીએ નલીયા, જખૌ, વચ્ચે વટેમાર્ગુઓ માટે વિશ્રાંતિગૃહ તેમજ પરબવાડી વાવ બંધાવી. ત્યાં ભોજનનો પ્રંબધ કર્યો. નલીયામાં ધર્મશાળા બંધાવી. સદાવ્રત ચાલુ કર્યું. કચ્છ માંડવી મધે વિશ્રાંતિગૃહ તેમજ ચંદ્રપ્રભુનું મનોહર જિનાલય ઠાકરશી વેરશી પીર સાથે બંધાવ્યું. અંજારના અચલગચ્છીય જિનાલયનો જીર્ણોધ્ધાર કર્યો. નલીયામાં પણ ચંદ્રપ્રભુશ્રીનું ભવ્ય જિનાલય બંધાવ્યું.

શ્રી નરશી શેઠને કચ્છના મહારાવશ્રી દેશળજી સાથે મિત્રતા ભર્યો સંબંધ હતો. તેઓશ્રી શેઠને ખૂબ માન આપતા. અન્ય રાજાઓ પણ શેઠશ્રીની મિત્રતા માટે પ્રયત્નશીલ રહેતા. શેઠશ્રીના સંબંધો પારસી સમાજના અગ્રણી શેઠ હોરમસજી એદલજી કામા તથા બારભાયા સાથે હતા.

નલીયા જિનાલયની પ્રતિષ્ઠા પહેલાં મુંબઈથી સિદ્ધાચલજીનો સંઘ કાઢી શેઠશ્રી નરશી નાથા કચ્છ આવ્યા, નલીયા મધે બંધાયેલા ચંદ્રપ્રભુજીના જિનાલયની પ્રતિષ્ઠા સમયે સહુ પ્રથમ દેશ તેડું થયું. કચ્છના બાવન ગામોને નોતરી જ્ઞાતિમેળો ભરાયો. સ્વામિવાત્સલ્યના જમણવાર થયા. કચ્છ

અને હાલારના ગામે ગામથી ઓસવાલો આવ્યા. દશા, વિશા અન ગુર્જર ઓશવાલના ઘેર સાકર ભરેલ થાળી અને રૂપીયાની પ્રભાવના થઈ. આ પ્રસંગની યાદગીરી રૂપે નલીયાના ખરાવાડમાં એક ઓટલા ઉપર સ્તંભ બનાવવામાં આવ્યો.

આ પ્રસંગે મહારાવશ્રી દેશળજીની સહાયથી શ્રી કચ્છ દશા ઓશવાલ જ્ઞાતિમાં ઘણા સામાજિક સુધારાઓ થયા.

સાહસિકતા, સહૃદયતા અને સાદાઈ શેઠશ્રી નરશી નાથાના સદગુણ હતા. વ્યવસાયની રીતે જ્ઞાતિ પ્રગતિ કરે અને ધર્મમાં ઉન્નતિ કરે તેવા પાઠો તેમણે જ્ઞાતિને શિખવાડ્યા. ખોબા જેવડી જ્ઞાતિને ઐક્ય, ભાતૃભાવના જેવા ગુણો તેમણે આપ્યા. એક મહાન પ્રેરક બળ તરીકે સમગ્ર દશા ઓશવાળ જ્ઞાતિ ઉપર છવાઈ ગયા.

આવા મહાન જ્ઞાતિ સુકાની શેઠશ્રી નરશી નાથા તા. ૧૧ ડીસેમ્બર ૧૮૪૨ના દિને દેવગતિ પામ્યા. મુંબઈના સમસ્ત બજારોએ મહાન આત્માને શ્રદ્ધાંજલિ આપવા બંધ રહ્યા. ભારતીય ઉદ્યોગોના પ્રપિતા સર જમશેદજી તાતાએ પણ તેમને ભવ્ય અંજલિ આપી હતી.

એ મહાન આત્માને જ્ઞાતિને ''જ્ઞાતિ શિરોમણી'' તરીકે નવાજ્યા. આજે પણ શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના સર્વાંગી વિકાસના પ્રણેતા પ્રાતઃસ્મરણીય શેઠશ્રી નરશી નાથાને દરેક જ્ઞાતિજન યાદ કરે છે.

ડૉ. પુનશી હીરજી મૈશેરીના પ્રયત્નોથી મુંબઈમાં કમિશનર શ્રી ટોન્ટન સાથે વાટાઘાટો કરી માંડવીના ધમધમતા વિસ્તારને અને ૧૯૩૮માં શેઠ શ્રી નરશી નાથા સ્ટ્રીટ નામ અપાયું આ નામ આજેય તેઓશ્રીએ કરેલા જ્વલંત કાર્યોની યાદ આપે છે.

**– 'શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિના ઈતિહાસના પ્રેરક બળો'** માંથી સાભાર.


**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,**
**ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી**
**તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે**
**Since 1982...**
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
**Mob.: 7666688881 / 7666622229**


## સફળ અને સાર્થક સંઘમાતા !!!




કચ્છ લાલાના હાલે વડોદરે વસવાટ કરતા માતુશ્રી નિર્મલાબેન કુંવરજી વસાયા લાલકા પરિવારે વડોદરા શ્રી સંઘને ૧૭-૧૭ વાર શત્રુંજય તીર્થની સફળ અને સુખદ યાત્રાઓ કરાવતાં થોડા મહિના પહેલાં શ્રી સંઘે તેઓશ્રીને મરણોતર 'સંઘમાતા''ના બિરૂદે બીરદાવી ભાવ વંદના કરી ચાર ભાઈઓના ૧૨ જણના પરિવારના દરવાજે આવ આદર અને આતિથ્યના તોરણો કાયમ લટકે, વહુ દિકરાઓ ચિ. લિલમ, પ્રિતમ, કેનીલ અને લેનીશ વચ્ચે અનુમોદનીય સંપ અને તાલમેલે સન્માનીય સંયુક્ત પરિવારમાં ભય નહીં ભરોસો, કાયદો નહીં અનુશાસન. માતુશ્રી નિર્મલાબેન વડોદરાવાસીઓ માટે સંસ્કારોની સોહામણી ક્ષિતિજ સંઘવાસીઓ માટે સુખડ જેમ ઘસાઈ, ચંદન જેમ મ્હેક્ય હતા. સૌને માટે હેત પ્રીત અને હુંફનું કવચ, કાયમ આપવાની વાત આપવાનો પણ માપ નહીં. જમણા હાથે દીધેલા દાનની ખબર ડાબા હાથ સુધી પહોંચે નહીં. માયા અને મમતાના મુલાયમ માટે શ્રી સંઘને બાંધી રાખનાર માતુશ્રીના જીવન કિતાબનું પ્રત્યેક પાનું કમળ પુષ્પ જેવું નિર્લેપ !

પરિવારે સંકટોના કંટકો વેઠી તરૂમાંથી તાજ સુધી ગરિમા પ્રાપ્ત કરી છે. વડોદરામાં સતના અનેક ખેતરો ખેડતાં ૧૧૦ જણને સમ્મેત શીખરજીની યાત્રા કરાવી છે. જૂનાગઢના રસ્તે શ્રમણો માટે વિહારધામ, ગોરખમઢીમાં આદીનાથ દાદાને પ્રતિષ્ઠિત કર્યા છે. નિર્મલાબેન સ્વ. થતાં જયંત રાહીના નવકાર મંત્રનું વિશાળ પાયે જાપ કરાવ્યા. માતુશ્રીના જીવીત મહોત્સવે સૌ સ્નેહીઓને નિમંત્રી સ્વામીભક્તિ કરી. વડોદરાના વિમલનાથ દાદાના જન્મ કલ્યાણક મહોત્સવે ભક્તિથી ભીંજળી દેતી શ્રમણોની વૈયાવચ્ચે કોઈ કચાશ નહીં. પરિવારજનો, જિનાલયો કે ઉપાશ્રયો પણ ખાલી હાથે જાય નહીં !

તિર્થાધિરાજની આણંદજી કલ્યાણજીની પેઢીએ શત્રુંજયની છગાઉની યાત્રાએ યાત્રિકોના પાદ પ્રક્ષાલન કરી સંઘ પૂજનની અનુમતી આપતાં લાખોને વંદન કર્યા છે. શ્રાવકા ચારને સધ્ધર અને સફળ કરનાર લાલાના લાખેણાં લાલકા પરિવારના મા. નિર્મલાબેનના ''સંઘમાતા''ના બિરૂદે બે હાથ જોડીને ઝૂકી તો જવાય ને ? હર સંઘમાં આવા ''નિર્મલ'' સંઘમાતા હોય તો ?

**– લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ

## શંખેશ્વર દાદા મારી ચિંતા ચૂર – પ્રવિણ લોડાયા, વડોદરા

ગાંધીયુગના સ્વામી આનંદ એ જમાનાની બહુ દુર્ગમ ગણાતી ગંગોત્રી-કેદારનાથની યાત્રાના અનુભવો લખ્યા છે, તે વાંચ્યા, તેમાં એક કિસ્સો તેમણે લખ્યો છે :

એ વખતે બાબા કાલીકમલીવાલેનું સુખ્યાત સદાવ્રત. મોટા ભાગના સંસારત્યાગી સાધુઓ પણ ત્યાંથી સીધુંસામાન ભરી લે. એક અજાણ્યો અલગારી સાધુ ત્યાં જાડા રોટલા એટલે કે ટીક્કડ ખાવા આવ્યો.

લોટ સદાવ્રતમાંથી લઈ જાતે જ શેકીને ખાધા. ચાલતો થયો કે કોઈ પરગજુએ બૂમ પાડી. બાબા, આગળ કશું મળશે નહિં. મોસમ ખરાબ છે – અહીંથી બે ટંકનો લોટ/રોટી લઈ જાવ'.

સાધુ થોભ્યો. પાછું વળીને કહે ''પ્યારે, સાધુ શામકી ફિકર નહીં કરતા!'' આ થઈ સાધુતા જેને ટીવી કેમેરાની મોહતાજી નથી. શિબિરો ભરીને સમાજમાં દેખાડો કરવો નથી. સંસાર છોડવાને બહાને નવો સંસાર વસાવવો નથી. ચેલાચેલી શોધવા નથી.

વૈભવી આશ્રમો માટે જમીન સંપાદન કરવી નથી. પોતાના પ્રચાર માટે ડાયરી-કેલેન્ડર છપાવવા નથી. આપણે ત્યાં સંન્યાસીઓ ઘણા છે, પણ સત્ય-સાત્વિકતા-સદાચાર નથી મંદિરો વધે છે, પણ માણસાઇ ખલાસ થઈ રહી છે.

આવતી કાલની ફિકર કરવાવાળો ભગવાન છે. નદીના જળમાં ડૂબકી મારીને ન્હાવ, બાલટી ભરીને ઘેર લઈ જાવ, ખોબો ભરીને પીવો-પણ આખી નદી ઘરની તિજોરીમાં સમાશે? અનંત વિરાટમાં જે મળ્યું એની મોજ માણતા માણતા બાકીની લીલા મુગ્ધભાવે નિહાળ્યા કરવાની. આ વૃત્તિ કેળવાય તો કપડાના રંગ બદલાવી દીક્ષા લેવાની જરૂર નથી. પોતાનું કર્મ હસતાં હસતાં કરતાં જવાનું. ફિકર કરશે વડોદરાના વિમલનાથ દાદા, મુંબઈના અનંત નાથ દાદા.

પ્રેક્ટિકલી, તદ્દન સૂફી -સંત ન થઈ શકાય એ ય સ્વાભાવિક છે. પણ થોડા હોશમાં તો જીવી શકાય ને. બહારના કોલાહલને મ્યૂટ કરીને નિરાંતની નવીનતા માણવાનો સમય તો કાઢી શકાય ને ?

ભક્તિ-બંદગીના નામે વૈભવી ઉત્સવો કરવાને બદલે થોડુંક પ્રભુના પયગંબર બાળકોની નવી પેઢી માટે, આસપાસની સૃષ્ટિ માટે તો કાઢી શકાય ને !

પણ એ માટે ઘેટાંની જેમ જ્ઞાતિ, ધર્મ, રાજકીય પક્ષો કે પૈસા પાત્ર કંપનીઓને ત્યાં ગીરવે મૂકેલું ચાંપલૂસ મગજ છોડાવવું પડે. આખી જિંદગી શું પેટ્રોલ પંપે ફ્યુઅલ પૂરાવવામાં અને રેસ્ટોરાંના ટેબલ પર આપેલા ઓર્ડરની વેઇટ કરવામાં જ પૂરી કરવાની છે ?

નવી કાર, નવો બંગલો, નવો મોબાઈલ, નવી પાર્ટી, નવો ડ્રેસ, નવા ઘરેણાં બસ એના સપનાની પાછળ ખુલ્લી જીભમાંથી લાળ ટપકાવતાં દોડ્યા કરવું એ જ લાઈફ છે ?

સ્ટોપ. એન્ડ થિંક. બધા વ્હાઇટ કોલર જોબ/પ્રેસ્ટિજની કઠપૂતળીઓ થતા જાય છે. આપણે કોઈ મહાન લડાઈ નથી લડી આપણા કોઈના ઘરમાં સરહદથી શહીદ જવાન આવ્યો નથી.

આપણે લડીએ છીએ જ્ઞાતિના કુંડાળામાં. દરેક મહાજનમાં બે-ત્રણ પાર્ટીઓ હોય અને એક બીજાથી લડીને નુકસાન જ્ઞાતિનું જ કરીએ છીએ એ લડાઇને આપણે વીરતા માનીએ છીએ.

આપણે કોઈ ભયાનક મંદી જોઇ નથી. આપણે ઉછરીએ છીએ બસ ટીવી, મોબઈલના હાથમાં. બધા સામુહિક સપના જોયા કરે છે. એક દિવસે આપણે બધા કરોડપતિ થઈ જશું, બધા ફેમસ રોકસ્ટાર થઈ જઇશું, બધાની લાઇફમાં ફિલ્મી-હીરો-હીરોઇન જેવા પાર્ટનર્સ આવશે, આપણા બાળકો સુપર સેલિબ્રિટીઝ બની જશે.

પણ આવું થવાનું નથી. તમામે તમામ ભૌતિક સંપત્તિમાં ગરીબથી અમીર, ગુમનામથી નામાંકિત થઈ શકવાના નથી. કારણ કે, બધા એકસરખા શ્રીમંત હોય એને શ્રીમંતાઈ જ ન કહેવાય. બધા જ ફેમસ થઈ જાય તો ફેન કોણ થાય ?

માણસની મૂળભૂત નબળાઈ છે : કન્ટ્રોલ. દરેકને બીજા પર કાબૂ મેળવીને ગ્રેટ બની જવું છે. એમાંથી ખટપટ, જૂઠ, ઈર્ષા, અપરાધ જન્મે છે. ફ્રીડમના ડ્રીમ જોતો માણસ પણ બીજાને કન્ટ્રોલ કરવા મથતો રહે છે ! કારની સ્પીડ કે એસીનું ટેમ્પરેચર કે ટીવીનું વોલ્યુમ બધા કંટ્રોલ આંગળીના ટેરવે રાખી એ પોતાને બોસ સમજે છે. પછી એના લોભને થોભ નથી. એટલે એને 'ડ્રીમ ઓફ ફ્રીડમ' ગમતું નથી.

ફ્રિડમ અસંભવ નથી પણ સામે દેખાતી વાડને ઓળંગીને વાઈલ્ડ કૂદકો મારવાની આગ અંદર ભભૂકવી જોઇએ. અને એ પોતાની અંદરથી ઉઠવી જોઇએ. આપણે બધા જ કોઈને કોઈ ઇલ્યુઝન (ભ્રમણા)ના ગુલામ છીએ.

બહાર જે મહોરું પહેરીએ તે, અંદરથી ચાલાક, ગણત્રીબાજ છીએ. કોઇને કેવું લાગશે એ વિચારીને જાતને અને સામેવાળાને છેતરીએ છીએ. બધું પ્રોગ્રામ્ડ કેલ્ક્યુલેશન છે. સફળતા માટે જીહજુરી, ધૂસણખોરી, પંચાત, કૂથલી, કોને શું સારું લાગશે જેનાથી આપણને કશોક ફાયદો થાય, એમ માનીને સતત જીવવાના નામે માત્ર જીવવાનું નાટક જ કરતા રહીએ છીએ.

આપણી અંદરના અસલી અવાજને ઘોંટીને આપણે

સમાજ, ધર્મ, પરંપરા, વિગેરેના ચોકઠામાં જાતને ફિટ કરીએ છીએ. માનો કે થોડે અંશે એ અનિવાર્ય ગણો તો ય એટલિસ્ટ, એને થાય છે એનું અંદરથી ભાન તોં હોવું જોઇઓ ને તો થોડુંક ટોલરન્સ આવશે, બીજાનો સ્વીકાર થશે.

એટલે ફિકર ભગવાન પર છોડીને તમને અંદરથી જે ગમે તે કરો. મરવાનું ક્યારે છે એની ગૅરેન્ટી નથી. સ્ટાર્ટ ઇટ ટુડે.

**– પ્રવીણ લોડાયા,** વડોદરા


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**


**ભુલ સુધાર :** અંક નં. ૪૮માં છપાયેલ જન્મ તારીખ

**લગ્ન સંબંધી : ચી. અનીક નેવિલ ખોના (પાલાણી)** ગામ : કોઠારા, હાલ : મુલુંડ, જન્મ તા. ૫-૧૧-૮૭, હાઈટ ૫-૮, વ્યવસાય – હાલ થાણા (Make My Trip (Operation & Sales) શિક્ષણ : IATA Level II, Diploma in Tours & Travels & Many Country Specialist Program. માતા : **શૈલા નેવિલ પાલાણી – 09819548118**

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ માટે એક અવનવું અભિયાન

દેવ-ગુરૂ-ધર્મ કૃપાએ સમસ્ત જ્ઞાતિજનો ખુશખુશાલ હશો. માગસર વદિ ૯-૧૦-૧૧ (પોષ દશમ) **પાર્શ્વનાથ દાદાના જન્મ અને દીક્ષા કલ્યાણકની ઉજવણી**નો અવસર આવી રહ્યો છે.

એ અવસરે ૧૦૮ પાર્શ્વનાથની આરાધના કરીને આ વર્ષને '**પાર્શ્વનાથ આરાધના વર્ષ**' તરીકે ઉજવવાનું છે. **તા. ૧૧-૧૨-૧૩ ડિસેમ્બર**ના ત્રણ એકાસણાં કરીને આ આરાધનાનો શુભારંભ કરવાનો છે.

બાર મહિનામાં ૧૦૮ એકાસણા કરી મહાન કર્મ નિર્જરા સાથે પુણ્યાનુબંધી પુણ્યનો સંચય કરવાનો છે.

જેમને પણ આ અભિયાનમાં ભાગ લેવાની ઈચ્છા હોય તેમણે નીચેના સરનામે નામ નોંધાવી, કાર્ડ મેળવી લેવા અને ૧૨ મહિના પછી માગસર વદિ-૧૩ (૨૦૧૮)ના એ જ સરનામે જમા કરાવવા વિનંતી.

| **સૌ. મનિષાબેન હરીશ ખોના** | **શ્રીમતી લતાબેન વિકમશી** |
|---|---|
| ૧/૧૦૬, અનંતછાયા, | ૨/૩૯, અનંત નિવાસ, |
| ૬૦ ફીટ રોડ, ઘાટકોપર (ઈ), | ભાતબજાર, મસ્જિદબંદર. |
| મો.: 9867889965 | મો.: 9323944117 |




## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **મનોજ કિશોર ધુલ્લા** (PS 4957) | ઈ-૧૦૦૩, શિવાલિક હાઈટ્સ, ગુરૂકુલ સ્કુલ રોડ, ચલા, વાપી - ૩૯૬ ૧૯૧ મો. : ૦૯૨૨૭૨ ૩૫૪૮૫ |
| **ઉમેશ વિરચંદ શાહ (ધરમશી)** (PS 7128) | ૫૦૫, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. : ૦૭૭૩૮૩ ૮૮૫૧૯ |
| **નિલેશ મુલચંદ નાગડા** (PS 825) | ૧૦૦૩, અનંત છાયા, ૩૫૩/૩, આર. બી. મહેતા માર્ગ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. મો. : ૦૯૮૧૯૮ ૯૨૨૭૭ |
| **શ્રીમતી આશા ગુલાબચંદ મોમાયા** (PS 6545) | રૂમ ૧૩૦૫, ૧૩મે માળે, ૧/એ વિંગ, ડ્રીમ્સ કો.હા.સો., ડીમ્સ મોલની પાછળ, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮. મો.: ૦૮૩૬૯૦ ૮૬૯૭૦ |
| **નવીન રતનશી શાહ (લોડાયા)** (PS 1751) મો.: ૦૯૮૩૩૫ ૫૭૬૯૩ | સી-૫૦૩, સાંગ્રિલા કો.હા.સો., પી. કે. રોડ એક્સટેન્શન, સાંઈધામ પાસે, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: રવિ ૦૮૮૦૬૬ ૬૦૭૬૭, રાનૂ ૦૯૮૩૩૯ ૯૫૧૯૯ |
| **અલ્પેશ વેલચંદ લોડાયા** (PS 2763) | વી-૩-૩૦૧, વિનય નગર, પ્લેઝંટ પાર્ક પાસે, મીર–ભાયંદર રોડ, મીરા રોડ (ઈસ્ટ) - ૪૦૧ ૧૦૭. |
| **અતુલ સોમચંદ લાલકા** (PS 5721) | બી-૬૦૧, મહાવીર એપાર્ટમેન્ટ, ભોપર રોડ, શંખેશ્વર નગરની પાછળ, ડોમ્બીવલી (ઈ)-૪૨૧ ૨૦૧. મો.: અતુલ ૦૯૦૮૨૩ ૭૩૮૩૫, ભક્તિ ૦૮૩૧૦૮ ૮૨૧૪૫ |

## કચ્છી કસબ - ૧૧૨

(જયકાંત મોતા, ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨)



### આડી ચાવીઓ -

૧) ખંજવાળ (itching) (૨)
૨) કદાચ (perhaps) (૫)
૪) પ્રભાવના (kind of prasad) (૨)
૫) પોતા (wet cloth for cleaning floor) (૨)
૭) કઠોળો (railing) (૩)
૮) સફેદ રંગ (white colour) (૨)
૧૦) રમત (game) (૨)
૧૧) લિસોટા (scratches) (૨)
૧૩) ગળ્યા (sweet) (૨)
૧૫) રસ્તો (way) (૨)
૧૬) મોટેથી બેસુરૂં ગાવું (to sing loudly without rhythym) (૩)
૧૭) ચલણ (trends) (૨)
૧૮) વાંસો (back) (૨)
૧૯) નખ (nail) (૧)
૨૦) બુધ્ધુ સ્ત્રી (silly lady) (૨)
૨૧) અતિશય (too much) (૨)
૨૨) ચીરો (cut) (૨)
૨૩) ભલે (ok) (૧)
૨૪) જનાવરો નો ખોરાક (fodder) (૨)
૨૫) મોડું થવું (to get late) (૨)
૨૯) સ્ત્રીનું સરકી જવું (lady passing aside quietly) (૩)
૩૦) આખડીયો (chappati roller board) (૩)
૩૧) ખાનદાન (noble) (૨)
૩૨) વિસ્તાર (area) (૨)
૩૩) સ્ત્રીનું જવું (leaving of lady) (૨)

### ઊભી ચાવીઓ -

૧) ઢસરડા (labour) (૨)
૨) ગધેડો (donkey) (૩)
૩) નવા જોડા પગમાં લાગે તે (new footwear punching at leg) (૨)
૬) સમય (time) (૨)
૭) ગરદન (neck) (૨)
૮) ભાગમભાગ (running here & there) (૨)
૯) ખડતલ (stout) (૪)
૧૦) તલાવડી (pond) (૪)
૧૧) રહેવું (to stay) (૨)
૧૨) સારો માણસ (nice person) (૩)
૧૪) મોટા (elder) (૨)
૧૫) કૂવો (well) (૨)
૧૭) વાછટ (drizzel) (૩)
૧૮) પાછળ (behind) (૩)
૨૧) વજનદાર (heavy) (૨)
૨૨) મોટાઇ (boasting) (૩)
૨૪) ગળ્યું ખાવાનો શોખીન (fond of sweet) (૨)
૨૫) સમારવું (to cut vegetable) (૨)
૨૬) ધૂનકી (craze) (૨)
૨૭) ખાલી (empty) (૩)
૨૮) સ્ત્રીનું શાંત થવું (female became calm) (૩)
૨૯) સેકવું (to roast) (૨)



(ઉકેલ અન્યત્ર)

# સંસાર માંડતાં પહેલાં... સગપણ સમસ્યાનું સમાધાન - ડૉ. વિશન નાગડા

સંસારનું ચક્ર અવિરત ચાલ્યા કરે છે. જે જન્મે છે તે મોટું થાય છે, પરણે છે, ઘર-સંસાર માંડે છે, સંતાનો પેદા કરી પરિવારને વિકસાવી છેવટે જગતમાંથી વિદાય લે છે. આ બધામાં જન્મ-મૃત્યુના બે છેડા વચ્ચે કેન્દ્રમાં છે ઘર-સંસાર. માંડવાની પ્રક્રિયા-લગ્ન. લગ્નનો મુળભૂત પ્રશ્ન છે યોગ્ય પાત્ર, સ્ત્રી હોય કે પુરુષ ઉંમર થતાં જ પરણવાના સપનાં જૂએ. પોતાને યોગ્ય કોણ છે એના વિચારોમાં રમમાણ રહે. સતત યોગ્ય વ્યક્તિની શોધ કર્યા કરે.

જીવનસાથીની પસંદગીમાં યોગ્યતા એ મૂળભૂત હોવા છતાં માનવ સ્વભાવની ખૂબી જુઓ કે સૌ યોગ્યને બદલે અજાણતાં જ આદર્શની જ શોધ કરતા રહે છે. નિયમ પ્રમાણે તો પાત્રની શોધ કરનારને પોતાની પાત્રતાનો ખ્યાલ હોવો જરૂરી છે પણ યૌવન કોનું નામ ? પોતાની ખૂબીઓ અને ખામીઓને ઓળખ્યા વિના માત્ર આદર્શમાં જ રાચવું એ યૌવનાસ્થાનું લક્ષણ છે. લગ્નના પ્રસ્તાવ જોડે જ કાલ્પનિક જગતનું નિર્માણ થતાં, આદર્શમાં રમમાણ વ્યક્તિ વ્યાવહારિક સત્યને અવગણી એક એવી છબી લઈને જીવનસાથીની શોધ કરતી રહે છે કે જે હકીકતમાં કયાંય જોવા જ ન મળે. પરિણામે જે પરિસ્થિતિ નિર્માણ થાય છે તેને આજના જગતમાં 'સગપણ સમસ્યા' કહેવામાં આવે છે. આ સગપણ સમસ્યાનું કોઈ નિરાકરણ ખરું કે ? આદર્શની છબી લઈ નીકળેલા મૂરિતિયાને અરીસા દેખાડે એવું કોઈ ખરું કે ?

જીવનના જટિલ પ્રશ્નોના ઉત્તર માટે જ્ઞાનીઓ વેદની વાત કરે છે. જ્ઞાનના અનન્ય સ્ત્રોત જેવી વેદવાણી જેવું જ ગ્રામ્ય પ્રજાને અભણ લોકને હાથવગું શાસ્ત્ર તે લોકવાણી. લોકવાણીના સ્તંભ જેવી લોકોક્તિઓ-કહેવતો લોકજીવનની ખરી માર્ગદર્શિકાઓ છે. જીવનની દરેક સમસ્યાનું સમાધાન કરનારી લોકોક્તિઓ એ અર્થમાં લોકવેદની ઋચાઓ છે. પોતાના માટે યોગ્ય કન્યા કે મૂરતિયો શોધનારમાં કેવી પાત્રતા હોવી જોઈએ એ વાતને કેન્દ્રમાં રાખી પ્રયોજાતી એક કચ્છી કહેવત છે - 'ધૂત્યા લુલ્યા ન પેણ્યા સે કુંવારા રઈ વ્યા !' (જે સમજાવ્યા - ફોસલાવ્યા ન પરણ્યા તે કુંવારા રહી ગયા) શબ્દાર્થ સરળ છે પણ ભાવાર્થ માટે થોડી મથામણ કરવી પડે તેમ છે કહેવતનો સંદર્ભ સમજવા તો વિશેષ ઊંડે જવું પડે તેમ છે. સાદા અર્થ મુજબ જેણે પરણવું હોય એણે થોડું સમજવું પડે, થોડું જતું કરી જિદને છોડવી પડે, નાના બાળકની જેમ જે સમજાવ્યા-ફોસલાવ્યા પછી પણ સૂચવેલા પાત્રને ન કબૂલે એ આખરે કુંવારા જ રહે)

કહેવતનું હાર્દ સમજવા જગતે જેને આદર્શ યુગલનું બિરુદ આપ્યું હોય કે જે આદર્શ દંપતી તરીકે પંકાયા હોય એમના જીવનમાં જરીક ડોકીયું કરવું જરૂરી છે. એ જાણવું જરૂરી છે કે એમણે આદર્શને સિદ્ધ તો કર્યો પણ એ માટેની ભૂમિકા કેવી હતી ? પાયામાં સહજ સ્વીકૃતિની વ્યાવહારિક ભૂમિકા હતી કે નર્યા આદર્શ પર જીવનની મેડી ઊભી થયેલી ?

યુવાન વ્યક્તિ જ્યારે પાત્રની શોધમાં નીકળે છે ત્યારે જે કલ્પનાચિત્ર લઈને બેસે છે એની શોધમાં તો જીવન આખું વીતી જાય તોયે પસંદગી પૂરી ન થાય ! જરૂરી છે સમાધાન, જરૂરી છે કે વ્યક્તિ આદર્શના ઊંચા આભેથી વ્યાવહારિકતાની ધરતી પર પગ મૂકે. આદર્શ છબીને જરી અળગી કરી થોડી સમજણ કેળવે, થોડું માવતરનું કહ્યું પણ કાને ધરે. મનને મનાવે એનો મળ બેસે. પરણવું છે, ઘર માડવું છે માટે માંડવાળી-સમાધાન કરો, થોડું જતું કરો તો બધું ગોઠવાઈ જાય. ગોઠવેલું કોઠે પડ્યું તે ગમવા માંડે, જે ગમ્યું એના વિના પછી કાંઈ ગોઠે ? પછી તો પેલો મૂળ આદર્શ વીસરાઈ જઈ, એને સ્થાને નવો આદર્શ ગોઠવાઈ જાય. તે પણ કેવો ? વ્યક્તિ પોતે પણ ન કહી શકે કે અસ્સલ ક્યું ?

સંસારનો અર્થ જ છે સમાધાન, સમજનો સાર તે સંસાર. આદર્શની ભ્રમણામાં ભટક્યા કરતાં કુંવારાઓ માટે દીવાદાંડી સમી આ કહેવત માત્ર સગપણ-સમસ્યાનું નિરાકરણ છે એમ નથી, જીવનની બધી જ સમસ્યાઓનો જો કોઈ રામબાણ ઉપાય હોય તો એ આ કહેવત માત્ર છે. અપેક્ષાઓને જે મર્યાદામાં બાંધી ન શકે. મળે એનો અસ્વીકાર કરી નથી મળ્યું એના સપનામાં જે રાચે એ આખરે અસંતોષને ઉછેરી જીવનને દુઃખમય બનાવે છે. સ્વીકાર અને સમાધાનના ગુરુમંત્રને જે સાધે છે તે સંસારને ઉજળો બનાવે છે. પોતાની માગણી માટે બાળકનું જિદે ચડવું સ્વાભાવિક છે પણ એને 'ધૂતાયણું' (સારા અર્થમાં ધૂતવું) આપી શકાય એવી વસ્તુ પ્રત્યે આકર્ષવું એ જ કળા છે. અપેક્ષા પૂર્તિના ખેલની એ જ છે ગુરુચાવી !

છોગું : સંસાર માંડતા પહેલાંની ભૂમિકાને લોકવાણી વિવિધ નજરે નિહાળે છે. એક તરફ પરિણયનાં પુષ્પની સુંગધ માણવાનું-સંસાર વસાવવાનું સ્વપ્ન અને બીજી તરફ સાવ નાની અપરિપક્વ ઉમરે શ્વસુરગૃહે કેમ જવું એની મૂંઝવણ એનો ઉચાટ ! આ બે અવસ્થાઓ વચ્ચે જીવતી બાળનારીની વ્યથાને સમજીને જ લોકવાણીએ સદીઓ પહેલાં માની મૃદુતા અને પિતાની સ્પષ્ટતાનો સમન્વય સાધીને જ કહ્યું હશે કે 'રૂ નકો રડ, ખિલી ગડે ચડ' (રડ મા, વિલાપ કર મા, હસીને સ્વીકારીને ગાડે ચડ - સાસરીયે સિધાવ !) કન્યા વિદાયની કારુણ્યસભર કોમળપણે પિતૃમુખે ઉચ્ચારેલા આ વેણ કડકાઈ નહીં) એક નિશ્ચયીપણાંનો છે. દીકરીના ઉજ્જ્વળ ભાવિના દૃષ્ટા બાપ સિવાય આવું કોણ કરી શકે?

'વિછોડો' (વિચ્છેદ)ની વ્યસ્થા અને વિકાસમય ભાવિ

અનુસંધાન પાના નં. ૧૫ ઉપર

## આરોગ્ય પ્રકાશ : બજારૂ ખાદ્ય, આરોગ્ય અને ધર્મ

– **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

આપણા વડીલો ઘરની બનાવેલ તાજી, પૌષ્ટીક અને આરોગ્યદાયી વસ્તુઓ આરોગતા, બહારના-બજારૂ ખાદ્ય કે વસ્તુઓ વાપરતા એમાં પણ કેમિકલ, પ્રિઝરવેટીવ કે નોનવેજ વસ્તુઓ બિલ્કુલ ન્હોતી વપરાતી. સંપૂર્ણ કુદરતી રીતે તેલ કાઢવામાં આવતા, મસાલા બનાવવામાં આવતા તેમજ કોઈ ખાદ્ય બનાવવામાં કેમીકલ, પ્રિઝરવેટીવ વગેરે ન્હોતા વપરાતા અને એ જ વેંચાતા. જેમ જેમ જમાનો આગળ વધતો ગયો, નવી નવી શોધો થતી ગઈ, માણસની વધુ ને વધુ કમાવાની વૃત્તિ વધતી ગઈ; માનવતા ઓછી થતી ગઈ તેમ તેમ ખાદ્યને ટકાવવા, ટેસ્ટી બનાવવા, સારૂં દેખાય તેવું બનાવવા તેમજ વધુ સસ્તા પડે અને કમાણી વધુ થાય એવી ઘણી રીતો, કેમિકલ્સ, પ્રિઝરવેટીવ વગેરે શોધાતા ગયા અને માનવજાતિને નુકશાન થશે, આરોગ્ય બગડશે એનો જરાપણ વિચાર કર્યા વગર વપરાવા લાગ્યા. આવી વસ્તુઓથી આજે ઘણાને જાતજાતની બિમારીઓ લાગુ પડે છે. શરીરની પ્રતિકાર શક્તિ ઘટવી, અશક્તિ થવી, હૃદયની બિમારીઓ, થાઈરોઈડ જેવી બિમારીઓથી લઈને કેન્સર જેવી ખતરનાક બિમારીઓ લાગુ પડે છે.

પહેલા ઘરના દૂધ અનાજ વપરાતાં હતાં. જેઓ બહારથી લાવતા તે પણ આરોગ્યદાયી હતાં. હવે પાવડરવાળા દૂધ, ૩-૪ દિવસના વાસી દૂધ કે રસાયણિક ખાતરવાળા અનાજ તો ઠીક છે પણ ગાય, ભેંશને ઓકસીટોસીનના ઈંજેક્શન આપે છે જેથી તે દૂધ વધુ આપે, આ ઓક્સિટોશીન દૂધ સાથે આપણા શરીરમાં જાય છે અને આરોગ્યને હાનિ પહોંચાડે છે. દૂધી જેવા શાકને આજ ઓકસીટોશીન ઈંજેક્શન આપી જલ્દી મોટા કરવામાં આવે છે. અનાજને જંતુ ન લાગે તે માટે તેના પર કેમિકલ્સ છાંટવામાં આવે છે. ફળો, શાકભાજી પર રંગ છાંટવામાં આવે છે, મીણ જેવું પડ લગાડવામાં આવે છે જેથી તે તાજા, રંગીન અને આકર્ષક દેખાય. આ રંગો, મીણ જેવું પડ આપણા શરીરમાં જઈ આરોગ્યને નુકશાન કરે છે. પ્લાસ્ટીકના કપમાં ગરમ ચા પીવાથી તેની અંદરનું આવરણ પીગળી આપણા પેટમાં જાય છે. જમવાના આવા ડીસ્પોઝેબલ પ્લેટસમાં જો ખાવાનું ખાઈએ તો પણ ને નુકશાનકારક છે. નકલી માવો અને સ્ટેશન-ટ્રેનમાં મળતી નકલી ચા (ધોવાનો સોડા, યુરિયા જેવા કેમીકલથી બનાવે છે) લોકોના કીડની, લીવરને નુકશાન કર્યા વગર રહેતા નથી. પાવડરથી કેરી જેવા ફળ પકવતા હતાં તે હવે, બારેમાસ મળતા અને સામાન્ય માણસને પરવડતા કેળાને પણ વખારમાં પકાવવાને બદલે કેમિકલમાં ડૂબાડી જલ્દીથી પકાવવામાં આવે છે જેથી જલ્દી કમાઈ લેવાય, અને આવા કેળા આરોગ્ય માટે નુકશાનકર્તા છે. અમુક કેમીકલના ઈંજેક્શન અપાય છે. સેકરીન શરીરમાં કેન્સર પેદા કરી શકે છે. સાકરને સફેદ અને સ્વચ્છ બનાવવા કેમીકલ અને સાબુ વગેરેથી ધોવામાં આવે છે. સાકર ત્વરિત શક્તિ સિવાય નુકશાન કારક જ છે. ગોળ બનાવવામાં પણ સાબુ અને કેમીકલ વપરાય છે એટલે જ કેમીકલ – ફ્રી ગોળ એ રંગે સહેજ કાળાશ પડતું હોવા છતાં આરોગ્યદાયી છે, સૉસ, ટોમેટા કેચઅપ, તૈયાર અથાણા, શરબતો, ટીન પેકડ ડબ્બાઓ તૈયાર મીઠાઈના પેકડ ડબ્બાો, ફ્રુટ જ્યુસ, દહીંના પેક ડબ્બા, વગેરે મોટા ભાગની બજારૂ ચીજોમાં કેમીકલ્સ પ્રીઝરવેટીવનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. અસલી મધ મળવો હવે મુશ્કેલ છે. મધ એ સાકર કેમિકલ્સ ઉમેરી બનાવાય છે અને તે બગડે નહીં તે માટે એન્ટીબાયોટીક્સ ઉમેરે છે. જેનો ખાવામાં ઉપયોગ તે ઝેર બરાબર છે. આ પ્રકારનું મધ ખાવાથી વજન ઘટવાને બદલે વધશે, નુકશાન થશે. વેપારીઓએ જલ્દી કમાવવા માટે, લોકોને છેતરવા ભાગ્યેજ કોઈ વસ્તુ છોડી છે અને આવી વસ્તુઓ લેવાથી આરોગ્ય બગડે છે.

અગણિત વસ્તુઓમાં, ખાદ્યમાં એવી ચીજો વપરાય છે જે આપણા આરોગ્યને નુકશાન કરે, આપણો ધર્મ ભ્રષ્ટ કરે. અહીં થોડી વસ્તુઓની ટુંકાણમાં છણાવટ કરીએ.

**૧) સફેદ સાકર અને ગોળ :** સાકર અને ગોળ આપણે સૌ વાપરીએ છીએ. દેશી કોફી રંગની સાકર, ખાંડસરી – કથ્થઈ સાકર કોઈનેય ગમતી નથી. સાકરને સફેદ બનાવવા જે કાર્બન વપરાય છે તે હાડકાના ચુરામાંથી બને છે. ઘણી જગ્યાએ દારૂગોળામાં વપરાતે ગંધક પણ વપરાય છે. ગોળને સાબુ, ધોવાના પાવડરથી ધોઈને કાળાશ ઓછી કરાય છે. આ વસ્તુઓમાં કેન્સર ઉત્પન્ન કરનારા એજન્ટ છે.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

**૨) ટુથપેસ્ટ :** ટુથપેસ્ટને મીઠી બનાવવા તેમાં સેકરીન ભેળવવામાં આવે છે. મોંની મ્યુકમેજબ્રેન (મોંની અંદરનુંપડ) વાટે સેકરીન લોહીમાં ભળે છે. (તેજ રીતે તમાકુવાળી પેસ્ટ વાપરતાં તમાકુ આજ રીતે લોહીમાં ભળે છે) સેકરીન કેન્સર પેદા કરી શકે છે. ટુથપેસ્ટ મીઠી હોવાથી બાળકો તે ગળી જાય છે જેનાથી ભવિષ્યમાં બ્લેડરનું કેન્સર થવાની શક્યતા હોય છે. માટે જ બાળકોને ફક્ત વટાણા જેટલી જ ટૂથપેસ્ટ આપો જે પૂરતી છે અને એમને સમજાવો કે પેસ્ટ ગળી જવાય નહિં. ઘણી પેસ્ટમાં સેકરીનને બદલે સોર્બિટોલ વપરાય છે જે પણ આરોગ્ય માટે જોખમી છે. ફીણ ઉત્પન્ન કરવા હાનિકારક રસાયણો નાખવામાં આવે છે જેનાથી કેન્સર જેવી બિમારી થઈ શકે. દાંત સાફ કરવા મોઢામાં ફીણ થવી બિલ્કુલ જરૂરી નથી. સોડિયમ ફ્લોરીલ સલ્ફેટ નામનો પદાર્થ જે સાબુ, ડિટર્જન્ટ અને શેમ્પુમાં ફીણ પેદા કરવા નાખવામાં આવે છે તેજ પેસ્ટમાં નાખવામાં આવે છે જેનાથી આંખોને, મગજને નુકશાન થાય છે, વાળ પણ ખરવા લાગે છે. ફલોરાઈડ હવામાં ઉડી જતું હોવાથી ઉત્પાદકો તે જરૂર કરતાં વધુ વાપરે છે જે હકીકતમાં દાંતને નુકશાન કરે છે. બાળકો ફ્લોરાઈડ ગળી જાય તો તે હાનિ કરે છે. ટૂથપેસ્ટમાં ટાઈટેનિયમ ઓક્સાઈડ ઘૂટથી વપરાય છે જેની ઘણી આડઅસરો આરોગ્ય પર પડે છે. મોટા ભાગે પેસ્ટમાં હાડકામાંથી બનતું જીલેટીન વાપરવામાં આવે છે. કેટલાક બ્રશ પશુઓના વાળ ખેંચીને બનાવાય છે.

**૩) બિસ્કીટ, કેડબરી, પીપરમીન્ટ :** આ ખાદ્ય વધુ સમય ટકે તે માટે એડીટીવ અને પ્રીઝરવેટીવ નાખવામાં આવે છે. આ ખાદ્યના રેપર પર લખેલ 'E-322', 'E471' અથવા 'E481' આ બધા ઈમ્પોર્ટેડ પ્રીઝરવેટીવ અને એડીટીવ છે જે પ્રાણીઓમાંથી મેળવેલ હોય છે કારણ કે કુદરતી પદાર્થ ખૂબજ ઓછા પ્રમાણમાં મળે અને મોંઘા હોય છે. વધુ નફો મેળવવા પ્રાણીજ પદાર્થ જ વપરાય છે. કાયદાઓની આંટીઘૂંટીને લીધે લીલું ટપકું (જે વસ્તુ શાકાહારી છે તે દર્શાવે)નું લેબલ લગાડી ભૂલાવામાં નાખવામાં આવે છે. પ્રીઝરવેટીવ અને એડીટીવ તો બજારની મોટાભાગની વસ્તુઓમાં નાખવામાં આવે છે. જે આરોગ્યને હાનિ પહોંચાડે છે અને આપણે ધર્મ પણ ભ્રષ્ટ કરે છે.

**૪) બ્રેડ, ચોકલેટ અને ચ્યુંઈગમ વગેરે :** આપણે જે ખોરાક ખાઈએ તેનું પાચન થઈ પોષક તત્વો નાના આંતરડામાં શોષાઈને લોહીમાં ભળે છે અને આપણને શક્તિ, પોષણ અને રોગો સામે લડવાની શક્તિ મળે છે. બ્રેડ, ચોકલેટ, ચ્યુઈંગમ જેવી ૮૯ સામાન્ય ખાદ્યમાં છૂટથી વપરાતું ખાસ એડીટીવ, કેમિકલ ટાઈટેનિયમ ઑક્સાઈડ, નાના આંતરડાની પોષક તત્વો શોષવાની ક્ષમતા બંધ કરી દે છે. આ એડિટીવ કેમિકલ ઘણા લાંબા સમયથી ખાદ્યમાં વપરાય છે જેની આરોગ્ય પર ઘણી આડઅસરો થાય છે. અમેરિકાની બ્રિગહેમ યુનિવર્સીટીના પ્રોફેસરોનું કહેવું છે કે ટાઇટેનિયન ઑક્સાઈડના અત્યંત સુક્ષ્મ કણો નાના આંતરડામાં આવેલ પોષક તત્વો શોષણ કરનારા ખાસ કોષોને નિષ્ક્રીય કરીને એની કાર્ય પ્રણાલી બગાડી દે છે. આ ઘટક પેપર, પેઈન્ટ અને પ્લાસ્ટીકને સફેદ બનાવવા માટે વપરાય છે. ટૂથપેસ્ટમાં પણ આ ઘટક છૂટથી વપરાય છે. ચોકલેટના આવરણને લીસું ચમકદાર બનાવવા, સ્કીમ્ડ મિલ્કને વધુ ઉજળું બનાવવા તેમજ ચ્યુઇંગમ, મેયોનીઝ, બ્રેડ વગેરે સામાન્ય ખાદ્યમાં આ ઘટક છૂટથી વપરાય છે જે ખાનારના આરોગ્યને નુકશાન પહોંચાડે છે.

**૫) બટર :** બટરમાં ટ્રાન્સફેટ અને સેચ્યુરેટેડ ફેટ ભરપૂર માત્રામાં હોય છે જેને કારણે જો બટરનું વધુ માત્રામાં સેવન કરવામાં આવે તો ડાયાબીટીઝ થવાનું જોખમ વધે છે. અમેરિકાની હાવર્ડ સ્કુલ ઑફ પબ્લિક હેલ્થના અભ્યાસુનું કહેવું છે કે જે લોકો વધુ માત્રામાં સેચ્યુરેટેડ અને સાથે પ્રાણીજ ચરબી (ટ્રાન્સફેટ) લે છે તેમને ડાયાબીટીઝ થવાનું જોખમ બે ગણું છે. વિવિધ પ્રકારની ફેટ ખાવાની આદત ધરાવતા લોકોમાં ડાયાબીટીઝનું જોખમ બમણું જણાયું. હઠીલા (ક્રોનીક) રોગો ન થાય તે માટે બજારૂ વસ્તુ - બટર વગેરે જે પ્રાણીજ ચરબી - ટ્રાન્સફેટ ધરાવે છે. તે ખાવાનું ટાળો. પ્રાણીઓમાંથી કાઢેલી ચરબી - ટ્રાન્સફેટ વેપારીઓને સસ્તી પડે છે એટલે ઘણી બજારૂ વસ્તુઓમાં એ જ વપરાય છે અને આપણા આરોગ્ય અને ધર્મ બન્ને ને ભ્રષ્ટ કરે છે.

**૬) તેલ :** આજકાલ મોટા ભાગના તેલમાં હાર્ટ-ફ્રેન્ડલી એટલે કે હાર્ટ માટે ઉપયોગી ઓમેગા-૩ ફેટી એસિડ વાપરવામાં આવે છે તે મોટે ભાગે માછલીના તેલમાંથી મેળવાય છે.

**૭) ચીઝ :** ચીઝ ઘણી વાનગીઓમાં વપરાય છે. ચીઝમાં

## કચ્છી કસબ - ૧૧૨ નો ઉકેલ

ઊભી ચાવીઓ -
(૧) ઢેળા (૨) ગડોળો (૩) નેફ (૬) ટાણું (૭) કંધ (૮) ઘોળા
(૯) હટ્ઠાકટ્ઠા (૧૦) રાંગરાઇ (૧૧) રોણું (૧૨) ફોટરા
(૧૪) વડા (૧૫) વાચ (૧૭) વાછંઢ (૧૮) પોઠીયા
(૨૧) ગરો (૨૨) વડાઇ (૨૪) ચટ્ટો (૨૫) મોર
(૨૬) હોચકો (૨૭) ઠલો (૨૮) ઠરઇ (૨૯) સેક

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) ઢેળ (૨) ગણુકરીને (૪) લાણી (૫) ફટા (૭) કંઠોળો
(૮) ઘોરો (૧૦) રાંધ (૧૧) રોળા (૧૩) મેઠ્ઠા (૧૫) વાટ
(૧૬) રાગડા (૧૭) વાયરા (૧૮) પોઠ્ઠા (૧૯) નોં (૨૦) માઠી
(૨૧) ગચ (૨૨) વઢ (૨૩) ભો (૨૪) ચરો (૨૫) મોડા
(૨૯) સેરઇ (૩૦) ચકલો (૩૧) નેક (૩૨) ચોકો (૩૩) વઇ

પ્રાણીઓના શરીરમાંથી મેળવેલ એન્ઝાઈમ ભેળવવામાં આવે છે. પ્રાણીને કોઈ બિમારી હોય તો ખાનારને પણ લાગુ પડી શકે. સાથે જ તેનો ધર્મ પણ ભ્રષ્ટ થાય.

**૮) ચાઈનીઝ ફૂડ :** ચાઈનીઝ આઈટમ, મોમોઝમાં મોનોસોડિયમ ગ્લુટામેટ નામનું કેમિકલ વપરાય છે આ કેમિકલ દારૂની જેમ લત લગાડનાર છે. આ કેમિકલ લગભગ દરેક ચાઈનીઝ આઇટમમાં હોય છે. ચાઈનીઝ આઇટમમાં વપરાયેલ મેંદો અને આ કેમિકલ કેન્સર પેદા કરવાની ક્ષમતા ધરાવે છે.

**૯) નાન :** ઘણીખરી હોટલોમાં નાન અને પનીરટીકાને કોમળ અને ગરમ રાખવા તેમાં ઇંડાનો રસ ઉમેરાય છે.

**૧૦) જેલી :** જેલી બનાવવા પ્રાણીઓમાંથી મેળવતો જીલેટીન વપરાય છે. સ્ટાર્ચ જેવા સમાન ગુણધર્મોવાળા પદાર્થ અને રસાયણોમાંથી જીલેટીન બનાવે તો મોંઘુ પડે તેથી વધુ પૈસા કમાવવા પ્રાણીઓમાંથી મેળવાય છે.

**૧૧) સૉસ, સુપ :** બજારૂ સૉસ બનાવવા માટે ઘણી જગ્યાએ ઇંડા વપરાય છે. અમુક સુપમાં નોનવેજ ચીજો, માછલીમાંથી મેળવેલ ચીજો ઉમેરાય છે.

**૧૨) દવાઓ :** મોટા ભાગની વિટામીનની દવાઓ અને બીજી અમુક દવાઓ પ્રાણીજ પદાર્થોમાંથી બનતી હોય છે. હોમયોપેથીક દવાઓનું આખું મોટું લીસ્ટ છે જેમાં પ્રાણીજ પદાર્થો વપરાય છે.

**૧૩) સાબુ, સૌંદર્ય પ્રસાધનો :** મોટા ભાગના સાબુથી માંડી સૌંદર્ય પ્રસાધનો પ્રાણીજ પદાર્થનો વપરાશ કરી બનાવવામાં આવે છે.

**૧૪) સફેદ ચમકતા ચોખા :** રિફાઈનીંગ પ્રોસેસ દ્વારા ચમકાવેલા ચોખાનું વધુ સેવન કરવાથી મેદસ્વીતા, હૃદયની બિમારીઓ અને ટાઈપ-ટુ પ્રકારનો ડાયાબીટીઝ (મોટાઓને થતો ડાયાબીટીઝ) થવાનું જોખમ વધારે છે. પ્રેગનન્સી દરમ્યાન આ ચોખાનું વધુ સેવન કરવાથી જન્મેલ બાળક ૭ વર્ષનું થાય ત્યાં સુધીમાં જાડાપણનો ભોગ બને છે.

**૧૫) ભજીયા, ગાંઠિયા, વેફર વગરે બજારૂ તળેલા પદાર્થો :** વેપારીઓ વધુમાં વધુ કમાવવા માટે હલ્કી ગુણવત્તાનું તેલ અને એમાં તળવાના પદાર્થ વાપરે એ તો આપણા આરોગ્યને નુકશાન કરે જ છે પણ એનાથી પણ વધુ નુકશાન એ જ તેલ વારંવાર તળવામાં વાપરવાથી થાય છે જે કેન્સરને આમંત્રણ આપે છે. આપણે ઘરમાં એકવાર તળેલું તેલ ફેંકતા નથી તો વેપારીઓ તે તેલ ફરી ફરી વાપરવાના જ. બટેટાની વેફર ખૂબજ ઉંચા ઉષ્ણતામાને તળાય છે જે ખૂબજ હાનીકારક છે અને કેન્સરનું જોખમ વધારે છે.

**૧૬) બીઅર અને વાઈન :** બીઅર અને વાઈન બનાવવાની પ્રક્રિયામાં માછલીની બ્લેડર વાપરવામાં આવે છે.

**૧૭) પ્લાસ્ટીકના ચોખા :** બજારમાં આવેલ પ્લાસ્ટીકના ચોખા જો તે ખવાય તો આરોગ્યને ભયંકર નુકશાન કરે. પ્લાસ્ટીકના ચોખા ઓળખવાની રીત - ૧) મુઠ્ઠીભર ચોખા લઈ લાઈટર કે દિવાળી વડે સળગાવો. ચોખા પ્લાસ્ટીકના હશે તો તરતજ પ્લાસ્ટીક બળવાની વાસ આવશે. ૨) થોડા ચોખા લઈ તેના પર ગમર તેલ રેડો. જો પ્લાસ્ટીકના હશે તો તે ઓગલી જશે અને વાસણના તળીયે ચોંટી જશે. ૩) એક બોટલમાં પાણી લઈ તેમાં ૩ ચમચી ચોખા નાખો અને થોડીવાર હલાવો. પાણી પર તરે તો પ્લાસ્ટીકના અને તળિયે બસે તો અસલી.

જાણે અજાણે આપણે પ્રીઝરવેટીવ, એડીટીલ, કેમિકલ ઉમેરેલ અને પ્રાણીજ ચરબી માંસ, ઇંડામાંથી બનતા અનેક ખાદ્ય પેટમાં પધરાવીએ છીએ. લીલોતરી, કાંદા, બટેટા, લસણ નહિં ખાનારા પણ સવારના પહોરમાં ટૂથપેસ્ટ વાપરવાથી લઈ સાકર, ગોળ, તેલ, શક્તિની ગોળીઓ, હોમયોપેથીક દવાઓ, સૉસ, કેડબરી, બિસ્કીટ, ચોકલેટ જેવી અનેક ચીજો ખાય છે. આધુનિક વિકાસના યુગમાં હિંસા-અહિંસા, શાકાહારી-માંસાહારીની વ્યાખ્યાની પરિભાષા જ બદલી નાખી છે. ઘરમાં બનતી વસ્તુઓ છોડી બજારૂ વસ્તુઓ ખાઇએ કે વાપરીએ તે કેટલી હદે આરોગ્યદાયી અને અહિંસક-શાકાહારી છે એ તો પૂરું જાણીએ તો જ ખબર પડે. બજારૂ પદાર્થો ટાળીએ, ઘરની આરોગ્યદાયી વસ્તુઓ વાપરીએ અને આપણું આરોગ્ય સાચવીએ અને ધર્મ જાળવવા કોશિષ કરીએ. આ સત્ય હકીકત જણાવતાં કોઈની લાગણી દુભાય તો મિચ્છામી દુક્કડમ.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ


**સંસાર માંડતાં પહેલાં...** પાના નં. ૧૨ થી ચાલુ

કેડી વચ્ચેના કપરાં ચઢાણ ઓળંગાવવાનું ઉત્તરદાયિત્વ આવાં કૃતનિશ્ચયી વચનો જ નિભાવી શકે. પિયરીયેથી વિદાય લેતી ગભરુ બાળાને ઉદ્દેશીને સર્જાયેલી આ લોકોક્તિ માત્ર એક જ સંદર્ભે નહીં પણ વિવિધતાપૂર્વક મૂલવવાની હોય. અર્જુને અનુભવેલી વ્યથા એ કોના જીવનની કથા નથી ? રણભૂમિના ઊંબરે પાર્થને દ્વિધામાંથી ઉગારવા આવા જ શબ્દો ઉચ્ચારી પ્રેરણા દેનારા પાર્થસારથિનું કર્તવ્ય લોકવાણી સિવાય કોણ નિભાવી શકે ?

# સ્વજનોનો સંગાથ

– આશા વીરેન્દ્ર



રાત્રે ઓફિસેથી આવ્યા પછી અગત્યના ઈ-મેઈલના જવાબ આપતાં આપતાં એક-દોઢ વાગી ગયો હતો. સવારે મોબાઈલ રણક્યો ત્યારે ખુશ્બૂની આંખો ખૂલવાનું નામ નહોતી લેતી. પરાણે ફોન લેવો પડ્યો ત્યારે એ મનોમન બબડી, 'કોણ હશે અત્યારના પહોરમાં ?'

ફોનના સ્ક્રીન પર માનો હસતો ચહેરો જોઈને એનો કંટાળો ગાયબ થઈ ગયો, 'હલ્લો મા, કેમ આટલો વહેલો ફોન કર્યો ?'

'આ કંઈ વહેલું છે ? ઘડિયાળમાં જો જરા, સવા આઠ વાગ્યા છે. ને એક વખત તું ઓફિસે ભાગી જાય પછી હાથમાં જ ન આવે. એટલે થયું કે, સવારમાં ફોન કરીને તને જન્મ-દિવસની શુભેચ્છા આપી દઈએ. પપ્પાજી પણ બાજુમાં જ ઊભા છે - તને વીશ કરવા.' 'ઓહ આજે મારો જન્મદિવસ છે ? મા-પપ્પાનો ફોન ન આવ્યો હોત તો યાદ પણ ન આવત. મલ્ટીનેશનલ કંપનીના મેનેજર પદની જવાબદારી સંભાળવામાં ક્યારે દિવસ ઊગે છે ને ક્યારે રાત પડે છે તેનો કંઈ ખ્યાલ જ નથી રહેતો. સામે છેડે હવે નાની બહેન ઉષ્માએ ફોન લીધો હતો.

'દીદી, મેની હેપ્પી રીટર્નસ ઓફ ધ ડે. તમને ખબર છે દીદી, માએ આજે તમારું ભાવતું મેનુ નક્કી કર્યું છે - મગની દાળનો શીરો, છોલે-પુરી ને દહીંવડા ! હં... સાંભળીને મોઢામાં પાણી આવ્યું ને ? તમે ભલે અહીં ન હોવ પણ અમે તમને યાદ કરીને ખૂબ ઝાપટીશું.'

એકાએક ખુશ્બૂનું મન ઉદાસ થઈ ગયું. મસ મોટો પગાર, ટુ બી.એચ.કે.નો વેલ ફરનીશ્ડ ફ્લેટ, ડ્રાઈવર સાથેની કાર - આ બધું હોવા છતાં એ કેટલી એકલવાયી હતી ! આખો પરિવાર મુંબઈ અને એ આટલે દૂર બેંગલોરમાં. મા-પપ્પાજી, ઉષ્મા બધાને કેટલી વાર કહ્યું હતું -

'આવોને થોડા દિવસ મારી સાથે રહેવા ! મને પણ ગમશે અને તમને ય અહીં કશી તકલીફ નહીં પડે.'

ઉષ્માને તો એની કોલેજની નોકરીમાંથી રજા મળે એમ નહોતું પણ મા-પપ્પાજી પંદર દિવસ રોકાવાનું નક્કી કરીને આવ્યાં હતાં. ત્રણ જ દિવસ થયા ત્યાં બંનેનો કચવાટ ચાલુ થઈ ગયો હતો.

'બેન, અહીં ભલે બધી સુખ-સાહ્યબી હોય પણ અમને તો જેલમાં પુરાઈ ગયાં જેવું લાગે છે. નહીં કોઈ આડોશ-પાડોશ કે નહીં અમારી મેળે ક્યાંય બહાર જઈ શકીએ ! ને તને તો અમારી સાથે રહેવાની ફુરસદ જ ક્યાં છે ?' પંદરને બદલે પાંચ દિવસમાં એ લોકો મુંબઈ ભેગા થઈ ગયાં હતાં.

ઓફિસે જવા તૈયાર થતી વખતે ખુશ્બૂ ધ્યાનથી અરીસામાંના પોતાના પ્રતિબિંબને જોઈ રહી. આંખો નીચે કાળાં કુંડાળા થઈ ગયાં છે, ચહેરા પરની તાજગી તો કોણ જાણે ક્યારની ઊડી ગઈ હશે ! કાળા ભમ્મર વાળ ધીમે ધીમે સફેદી

*આમ જુઓ તો કશું નહીં ને આમ જુઓ તો ઘણું, લઈને એના તાણાવાણા જીવતર-વસ્તર વણું !*
*ભર ચોમાસે વાદળ વરસે, ભર ઉનાળે દાઝું, તાલમેલમાં મથું રહેવા કંઈ વળે ના ઝાઝું.*
*તર્ક-વિતર્કે મને ફાવતું ગણિત મારું હું ગણું, આમ જુઓ તો કશું નહીં ને આમ જુઓ તો ઘણું.*

પકડવા લાગ્યા હતા. ગાડીમાં બેસીને ઓફિસે જતી વખતે રસ્તામાં એ વિચારી રહી, શા માટે ત્રણ ભાઈ-બહેનોમાં એ જ ભણવામાં આટલી તેજસ્વી હતી ? નામ પાછળ ડિગ્રીઓનાં પૂંછડાં લગાડવાથી શું મળ્યું ? આ ઘરવટો ? આ એકાંતવાસ ? એ ઈચ્છતી હતી કે, હવે કોઈ એને યાદ ન કરાવે તો સારું કે આજે એનો જન્મદિવસ હતો. જિંદગીનાં ૩૪ વર્ષો પૂરાં કરીને એ ૩૫મા વર્ષમાં પ્રવેશી રહી હતી. પણ ત્યાં જ દિલ્હીથી ભાઈ-ભાભી અને ભત્રીજાનો ફોન આવ્યો.

'હેપ્પી બર્થ-ડે ફોઈ' શુભેચ્છા આપ્યા પછી એની વહાલી ભત્રીજી પૂછતી હતી, 'તમે તો આજે તમારા ફ્રેન્ડસને મો...ટી પાર્ટી આપવાનાં હશો નહીં ? હું પણ ત્યાં આવી શકત તો કેટલી મજા આવત ?'

આંખમાં ધસી આવતાં આંસુને પાછાં ધકેલતાં એ બોલી, 'બેટા, કોઈ પાર્ટી-બાર્ટી નથી. ઘરના લોકો વગર પાર્ટી આપવાની શું મજા આવે ? ને ઓફિસમાં કામ જ એટલું રહે છે કે તારી ફોઈનો બર્થ ડે કોઈ બર્ડની માફક ફરરર કરતો ઊડી જશે.' રાત્રે ઓફિસમાં જ દસ વાગી ગયા હતા. એણે માને ફોન જોડ્યો.

'હલ્લો મા, સવારે ઉતાવળમાં સરખી વાત નહોતી થઈ શકી. હજી તો હું ઓફિસમાં જ છું. કલાકેક પછી ઘરે પહોંચી, ફ્રેશ થઈને નિરાંતે ફોન કરું છું.'

બગાસું ખાતાં માનો ઉંઘરેટો અવાજ સંભળાયો, 'ના, ના, હવે બીજી તો કંઈ ખાસ વાત કરવાની નથી ને તારો ફોન આવશે ત્યાં અમારો સૂવાનો ટાઈમ થઈ જશે. એટલે આજે ફોન નહીં કરતી. ચાલ બેટા, ગુડ નાઈટ.' એની ફોન પરની વાત સાંભળ્યા કરતા શંકર ડ્રાઈવરે પાછા ફરતી વખતે પૂછ્યું, 'મેડમ, આજે તમારો બર્થ-ડે છે ને ? હેપ્પી બર્થ ડે મેડમ...' 'થેન્કયૂ શંકર, અત્યારે મોડું તો થયું છે પણ કોઈ કેક શૉપ ખુલ્લી દેખાય તો ગાડી ઊભી રાખજે.'

શંકરને નવાઈ લાગી. અત્યારે કેક ? મેડમ કોની સાથે બર્થ-ડે ઊજવશે ? ખુશ્બૂએ રસ્તામાંથી કેક અને સાથે થોડા નમકીનનાં પેકેટ પણ લીધાં. બાજુમાં ફૂલવાળાની દુકાન ખુલ્લી હતી ત્યાંથી સરસ મજાનો બુકે પણ લીધો. શંકર ચૂપચાપ જોઈ રહ્યો. થોડું આગળ વધ્યા પછી ખુશ્બૂએ કહ્યું, 'શંકર, પહેલાં ગાડી તારા ઘરે લઈ લે. પછી મને મૂકી જજે.'

એ બાઘો બનીને મીરરમાંથી મેડમને જોઈ રહ્યો. એના મોઢામાંથી માંડ માંડ શબ્દો નીકળ્યા, 'મેડમ, મારા ઘરે... મારા ઘરે ... કેમ ?'

'હું તને કહું એમ કર.' ખુશ્બૂએ હુકમ કર્યો. શંકરની પત્ની અને એનાં બાળકો જાણે કોઈ સ્વપ્ન જોતાં હોય એમ મેડમને જોઈ રહ્યાં. પોતાની લઘરવઘર સાડી અને છોકરાંઓના ફાટેલાં કપડાં બદલ શંકરની પત્ની સંકોચ અનુભવી રહી. ખુશ્બૂએ એના હાથમાં નાસ્તાના પેકેટ મૂકીને કહ્યું, 'આ છોકરાઓ માટે.'

નજીક પડેલી ટીપાય પર 'હેપ્પી બર્થ-ડે ટુ ખુશ્બૂ' લખેલી કેક મૂકી અને બાળકોને બૂકે આપતાં કહ્યું, 'હું કેક કાપું ત્યારે તમારા તરફથી આ ભેટમાં આપજો.'

'હેપ્પી બર્થ-ડે ટુ મેડમ' બોલતાં છોકરાંઓને રોકીને એણે 'હેપ્પી બર્થ-ડે બુઆ' બોલવા કહ્યું. કેક કાપતી વખતે આંસુનાં બે ટીપાં કેક પર ભલે પડ્યાં હોય પણ ખુશ્બૂના હોઠો પર સંતોષનું સ્મિત હતું કે, એણે પોતાના લોકો સાથે જન્મદિવસ ઊજવ્યો હતો.

*(ઉષા યાદવની હિંદી વાર્તાને આધારે)*

*સંબંધોની લાંબી ટૂંકી થયા કરે છે દોરી, સભર ભર્યું જીવ્યાનું જણાતું, પળપળ વ્હેતી કોરી;*
*સમજાયે તો જીવ મારાને કોચી કોચી ખણું.*
*આમ જુઓ તો કશું નહીં ને આમ જુઓ તો ઘણું. - યોસેફ મેકવાન*

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૮-૧૭ | બેંગલોર | આદિરાજ, સુનાલી રૂપેશ શરદચંદ્ર નાગડા | નલિયા | પુત્ર |
| ૨૩-૦૮-૧૭ | મુલુંડ | મહેક, મોનિકા દર્પણ દંડ | સેવક ભરૂડીયા | પુત્રી |
| ૦૨-૧૦-૧૭ | મુલુંડ | સિધ્ધ, શ્રધ્ધા દર્શન શશિકાંત મૈશેરી | માંડવી | પુત્ર |
| ૨૦-૧૦-૧૭ | ડોમ્બીવલી | રિયા, પ્રીઓમ પારસ ચીમનલાલ મૈશેરી | બાંડિયા | પુત્રી |
| ૦૭-૧૧-૧૭ | સેન્ડહર્સ્ટ રોડ | કનિકા, દીતલ રાજીવ લલીતકુમાર લોડાયા | વરાડીયા | પુત્રી |
| ૨૧-૦૯-૧૭ | કરમસદ (ભુલ સુધાર-અંક ૪૬) | પ્રયાન, મધુ શ્રેયસ કુલીનભાઈ લોડાયા (શાહ) | સુથરી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૧-૧૭ | ડોમ્બીવલી | મનીષ પંકજ વેલજી ગાલા | મંજલ રેલડીયા | ૩૦ |
| | ડોમ્બીવલી | ખુશ્બૂ તિલક ગોવિંદજી પોલડીયા | ગોએરસમા | ૩૦ |
| ૩૦-૧૧-૧૭ | ડોમ્બીવલી | ડેની ભરત દામજી મૈશેરી | નાની સિંધોડી | ૨૮ |
| | હૈદ્રાબાદ | અમૃતા અનિલ કાંતિલાલ નાગડા | મોટી સિંધોડી | ૨૪ |
| ૩૦-૧૧-૧૭ | મુલુંડ | રાહુલ રતિલાલ દેવજી નાગડા | રાપર | ૨૪ |
| | વાપી | પ્રાચી પંકજ મુલચંદ લોડાયા | નલિયા | ૨૧ |

### અંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૦-૧૭ | સાંગલી | વરદાન મનોજ અગરવાલ | જયપુર | ૨૫ |
| | સાંગલી | વિશ્વા મિલન લક્ષ્મીચંદ લોડાયા | મંજલ રેલડીયા | ૨૩ |
| ૨૭-૧૧-૧૭ | વિલે પાર્લે | ઋષભ પંકજ પ્રવિણચંદ્ર શાહ | નરોડા | ૨૮ |
| | વડાલા | શરમીન નિરંજન દેવચંદ ધરમશી | રંગપુર | ૨૬ |
| ૨૮-૧૧-૧૭ | મુલુંડ | રોમિલ હરીશ રાઘવજી લોડાયા | બાંડિયા | ૨૯ |
| | કોલકાતા | રાધિકા અરવિંદ ચિરંજીવલાલ સરાફ | - | ૨૭ |
| ૩૦-૧૧-૧૭ | ઘાટકોપર | હર્ષ ઉમેશ પુનશી સાવલા | માપર | ૨૯ |
| | કોચીન | પ્રિયંકા રાજેન્દ્ર મુલચંદ મોમાયા | વરાડીયા | ૨૭ |

### અંતરજ્ઞાતિય લગ્ન છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૭-૧૭ | વડાલા | શૈલેશ છગનલાલ કલ્યાણજી શિયાલ | તેરા | ૪૦ |
| | વડાલા | કિન્નરી અમૃતલાલ ભીમશી જાકરિયા | જામનગર | ૩૬ |

### લગ્ન છૂટા થયા (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૧૦-૧૭ | ડોમ્બીવલી | મયુર સોમચંદ ઉમરશી લોડાયા | નલિયા | ૪૪ |
| (ભુલ સુધાર-અંક ૪૭) | રાયચૂર | નીતા રાયચંદ ઘેલાભાઇ ગડા | ગોએરસમા | ૩૮ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૧-૧૭ | ડોમ્બવલી | વિરલ કિરીટ રતનશી નાગડા | સાંધાણ | ૨૬ |
| | ભોપાલ | ગુંજન વિપીન મણીલાલ મોમાયા | વરાડીયા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૨-૧૭ | ગુણપુરી નગર (૭૨ જીનાલય) | ચીમનલાલ પાસુભાઈ રતનશી મૈશેરી | લાલા | ૮૬ |
| ૦૧-૧૨-૧૭ | ડોમ્બીવલી | ધનબાઈ લક્ષ્મીચંદ લોડાયા | ગદગ-સુથરી | ૮૯ |
| ૩૦-૧૧-૧૭ | ખંડવા | કેશવજી જેઠાભાઈ શામજી ખોના | નલિયા | ૭૬ |
| ૩૦-૧૧-૧૭ | - | શ્રીમતી ભદ્રા કાંતીલાલ વાલજી મોમાયા (પટેલ) | સાંયરા | ૬૬ |
| ૦૧-૧૨-૧૭ | હૈદ્રાબાદ | માણેકજી ગેલાભાઈ લોડાયા | વારાપધર | ૭૬ |
| ૦૨-૧૨-૧૭ | ભૂજોડી | રાજેશ ચીમનલાલ જીવાણી | જખૌ | ૪૩ |

# પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૧૬-૦૧-૧૯૩૫

અરિહંત શરણ :
તા. ૧૦-૧૨-૨૦૧૬

# સ્વ. કલ્યાણજી શામજી લોડાયા

ગામ : કોઠારા – ખામગાવ

મહેંકે છે જેમની માનવતા મોગરા જેવી, સ્નેહ સંસ્કાર, ઉદારતાના દિવ્ય ગુણોથી,
ઓજસ પ્રસરાવી ગયા. પરિવારને સમાજમાં દિવાદાંડી બની, અમારા રાહબર બની ગયા.
બની છે અમારી જીંદગાની લીલીવાડી જેવી, એ રૂડાં આશિર્વાદ, હૃદયથી આપતા ગયા.
આજ સ્પંદનો બની નવી દિશા અમને બતાવે છે, હયાતીનો અહેસાસ ફેલાઈને સુવાસ રૂપે,
અમને આપની મધુર યાદ સતત આવે છે.

## શોકાતુર પરિવાર

| | |
|---|---|
| ધર્મપત્ની | : **સુશીલાબેન કલ્યાણજી શામજી લોડાયા** (કોઠારા) |
| પુત્ર–પુત્રવધુ | : **અ.સૌ. સીમા ચંદ્રેશ કલ્યાણજી શામજી લોડાયા** (કોઠારા) |
| પુત્રી–જમાઈ | : **અ.સૌ. હર્ષા વિપુલ ડાઘા** (ગોએરસમા) |
| | **અ.સૌ. મીનલ ભરત ખોના** (સુથરી) |
| દોહીત્ર–દોહીત્રી | : **ચિ. ઉર્વી - ચિ. દર્શન વિપુલ ડાઘા** (ગોએરસમા) |
| | **ચિ. પાયલ ભરત ખોના** (સુથરી) |

**ભરત એમ. ખોના - 9820078058**
**પાયલ એન્ટરપ્રાઈઝીસ**
**(બિલ્ડર્સ એન્ડ ડેવ્હલપર્સ)**

**ઍડ. મીનલ બી. ખોના - 9820123088**
**Advocate High Court & Notary**
**(Appointed by Govt. of India)**

**ઍડ. કુ. પાયલ ભરત ખોના, B.L.S., LL.B.**
**નવી મુંબઈ**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (04-12-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# ત્રીજી પુણ્યતિથીએ ભાવભીની શ્રદ્ધાંજલિ







## સ્વ. ચંદનબેન જાદવજી લાલજી ધરમસી

નલીયા

અરિહંત શરણ : ૯ ડિસેમ્બર ૨૦૧૪

બાઈ, તમારી ખૂબ જ યાદ આવે છે, તમારો સ્નેહ અને લાગણીભર્યો સ્વભાવ,
સરળ માર્ગદર્શન, શાંત-સ્વસ્થ અભિગમ, ઉષ્માસભર વ્યવહાર અને બીજું ઘણું બધું.
તમારી ખોટ કદિયે પૂરાય તેમ નથી.
તમે સદૈવ અમારા હૃદયમાં બિરાજમાન રહેશો.

## K. D. M. SWEETS

Block No. A-777/1553, Prem Nagar Tekdi, Ulhasnagar - 421 005. Dist. Thane.
**Mob.: 73508 84545 / 98196 28578 • E-mail : kandikofoods@gmail.com**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,